# GUJARAT
# News

## GUJARATI

## GUJARAT SAMACHAR

## DECEMBER 1992



**GUJARAT**
**News**

**GUJARATI**

**JANMABHOOMI - 1**

**SEPTEMBER 1993**


॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

JANMABHOOMI GROUP

# જન્મભૂમિ

હીરક જયંતી વર્ષ

અંક: ૯૦ મુંબઈ, બુધવાર, તા. ૨૨-૯-'૯૩ બહારગામની આવૃત્તિ, ગુરુવાર, તા. ૨૩-૯-'૯૩ પાનાં: ૧૦


# સેવા, સ્નેહ ને સારવારનો 'શ્રદ્ધા'-સમન્વય



દરદી સાથે ડૉ. ભરત અને ડૉ. સ્મિતા

મુંબઈમાં વસતા અને મુંબઈની મુલાકાતે આવતા હજારો કલાકારો અને લાખો કલાપ્રેમીઓની પવિત્ર ભૂમિ જેવી જહાંગીર આર્ટ ગૅલેરીનાં પગથિયાં પર સિત્તેરેક વર્ષના પરદેશી જેવા લાગતા એક બુઝુર્ગ મેલાંઘેલાં કપડાં અને મહિનાઓથી પગમાં ચોંટી ગયેલાં મોજાં સાથે બેઠા છે. ગૅલેરીમાં આવતાં જતાં સૌની નજરે પડે એ રીતે તે અંગ્રેજીમાં કશુંક બોલ્યા કરે છે. તેમની 'પત્ની સ્કૉટલૅન્ડ યાર્ડમાં કામ કરે છે' એવું બધું. તેમની સાથે વાત કરવાનો પ્રયત્ન કરનાર દરેક વ્યક્તિને એણે જ તેમની પર નજર રાખવા મોકલ્યા હોય તેમ તે માને છે. નામ પૂછતાં કહે છે: 'રોબિન્સન.'

ઑગસ્ટ મહિનામાં આ લખાણ લખાયું હોત તો ઉપરના ફકરામાં કશો જ ફેરફાર કરવાની જરૂર ન હોત. પરંતુ આ થોડા દિવસમાં એક એવી ઘટના ઘટી છે કે ઉપરનાં વાક્યોને ભૂતકાળમાં લખવાં પડે એવી સ્થિતિ સર્જાઈ છે.

જહાંગીર આર્ટ ગૅલેરીના કેકુ ગાંધી ઑક્ટોબર મહિનાના એક કેન્સલેશનમાં એક ડૉક્ટર દંપતીને જોઇતી તારીખો ગોઠવી રહ્યા છે. પછી તો ડૉ. ભરતના ગૅલેરીના ચક્કર શરૂ થઈ ગયાં છે. અને એ જ ગાળામાં કેકુ ગાંધીના મગજમાં ચમકારો થાય છે. તેઓ ડૉ. ભરતને ફોન કરે છે અને જહાંગીરનાં પગથિયાંને જ પોતાનો આવાસ બનાવી જિંદગી વિતાવતા પેલા બુઝુર્ગના જીવનમાં એક વળાંક આવે છે.

ડૉ. ભરત વાટવાની એ પારસી સજ્જનને વાતચીતમાં પળોટી, ફોસલાવીને પોતાની સાથે બોરીવલી (શાંતિઆશ્રમ પાછળ એક્સર વિલેજ, બોરીવલી પશ્ચિમ)ના પોતાના 'શ્રદ્ધા નર્સિંગ હોમ'માં લઈ આવ્યા. એના દસ દિવસ પછી નર્સિંગ હોમમાં હું જેમને મળી એ એક સ્વચ્છ, હંસમુખ પ્રકૃતિના

**તરુ કજારિયા**

સજ્જન હતા. હસીને અભિવાદન કરતાં તેઓ કહે છે 'હવે અહીં જ રહેવું છે.' ડૉ. ભરત અને ડૉ. સ્મિતા વાટવાનીની દસ દિવસની તબીબી સારવાર અને હૂંફાળી માવજતથી આ બુઝુર્ગના દેદાર ફરી ગયા છે. તેમની પાસેથી તેમના સ્વજનોની માહિતી મેળવી તેમના ભાઈને ખબર આપી તો ભાઈ ડૉ. દંપતીનો આભાર માનવા દોડી આવ્યા. તેમની પાસેથી મળેલી માહિતી મુજબ તેમના આ ભાઇનું નામ બરજોર અસલી છે. તે અપરિણીત છે અને પિતાના મૃત્યુ પછી જે સ્વજન સાથે રહેતા હતા ત્યાં તેમની ગંદાગોબરા રહેવાની અને અવ્યવસ્થા તેમ જ ચિત્ર-વિચિત્ર હરકતને લઈને તેમને ઘરમાંથી બહાર કાઢી મુકાયા હતા. ત્યાર બાદ અન્ય સ્વજનોને ત્યાંથી પણ તેમના સ્વભાવને કારણે નીકળવું પડ્યું. ત્યારથી બરજોર અસલીને માટે જહાંગીર આર્ટ ગૅલેરીનાં પગથિયાં પોતાનું ઘર બની ગયાં હતાં. ધનવાન પિતાએ મૃત્યુ પહેલાં પોતાની મિલકતનું ટ્રસ્ટ કર્યું હતું. પાંચે દીકરાઓના ભાગનું વ્યાજ બૅન્કમાં તેમના ખાતામાં જમા થતું હોઈ બરજોરને પૈસાની તકલીફ નહોતી. ક્યારેક ક્યારેક તેના સ્વજનો કે 'જહાંગીર'ના નિયમિત મુલાકાતીઓ બ્રેડ, ચીઝ, બિસ્કિટ અપાવી દેતા. સ્વજનનોને બરજોરની જે વિચિત્ર ટેવો લાગતી એ ખરેખર તો તેની માનસિક બીમારી હતી અને છે. ડૉ વાટવાનીએ શરૂ કરેલી એન્ટી-સાઈકોટિક દવાઓથી આજે એ ઘણી અંકુશમાં આવી ગઈ છે. ડૉ. વાટવાની કહે છે: 'માનસિક બીમારી ધરાવતા, ખાસ કરીને સિઝોફ્રેનિયાથી પીડાતા લોકો મગજનાં રસાયણોની અસમતુલાને કારણે વિચિત્ર રીતે વર્તે છે. પરંતુ એમની એ વર્તણૂક એટલા સમય પૂરતી જ હોય છે. બાકીના સમયમાં તેઓ સ્વસ્થ માનવીની જેમ જ વર્તે છે. આને કારણે ઘણા કિસ્સામાં દરદીનાં સ્વજનો (જો તેઓ આ બીમારી વિશે કશું જાણતા ન હોય તો) દરદી અંગે ગેરસમજૂતી કરે છે. આવા દરદીઓના મગજનાં રસાયણોની સ્થિતિ એન્ટીસાઇકોટિક દવાઓ દ્વારા સામાન્ય થઈ શકે છે.'

બરજોરના કિસ્સામાં તો તેના સ્વજનોની સારવારનો ખર્ચ ઉપાડવાની તૈયારી છે. પરંતુ ડૉ. દંપતીના નાનકડા (વીસ પથારીના) નર્સિંગ હોમમાં અત્યારે બીજા આઠ દરદીઓ છે જેમને રસ્તા પરથી અહીં લવાયા છે. પરિચિતો અને ક્યારેક તો અપરિચિતો પણ મગજની બીમારીથી પીડાતા દરદીઓને 'શ્રદ્ધા નર્સિંગ હોમ'માં લઈ આવે છે. રસ્તે રઝળતા એ દરદીઓને સ્નેહ, સેવા અને સારવારથી સાજા કરી તેમનાં ઘર અને સ્વજનો હોય તો તેમની પાસે અને ન હોય તો મધર ટૅરેસા'ઝ હોમ જેવી સામાજિક સંસ્થામાં મોકલાવાય છે.

મીન્ટ જેવા ધમધોકાર તબીબી વ્યવસાયમાંથી અઢળક રળી લેવાની વૃત્તિ કેળવવાને બદલે ગાંઠના ગોપીચંદન કરવાનું આ યુવા દંપતીને શી રીતે સૂઝયું હશે? ડૉ. ભરત કહે છે: "બાળપણમાં ખૂબ ગરીબી જોઈ છે. પિતાની હૂંફ પણ નાની વયે ગુમાવી હતી. અભાવના એ દિવસો કપરા


( અનુસંધાન પાનું ૮ )




સુધીરને 'શ્રદ્ધા'માં લવાયા ત્યારે

....અને આજે

સંતોષી: ત્યારે

....અને આજે

**GUJARAT**
**News**

**GUJARATI**

**JANMABHOOMI - 2**

**SEPTEMBER 1993**


।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

JANMABHOOMI GROUP

# જન્મભૂમિ

હીરક જયંતી વર્ષ

અંક: ૯૦ મુંબઈ, બુધવાર, તા. ૨૨-૯-'૯૩ બહારગામની આવૃત્તિ, ગુરુવાર, તા. ૨૩-૯-'૯૩ પાનાં: ૧૦


## સેવા, સ્નેહ ને સારવારનો સમન્વય

( ૭માં પાનાથી ચાલુ )

હતા. આ વ્યવસાયમાં આવ્યા ત્યારે માનસિક બીમારીનો ભોગ બનેલા રસ્તે રઝળતા લોકોને જોઈને થયું કે આમને મદદની સૌથી વધુ જરૂર છે. અને તેમની સારવાર કરવાનું નક્કી કર્યું. સહાધ્યાયીનીમાંથી પત્ની બનેલી સ્મિતાને પણ આ કામમાં રસ હતો જ.'

છેલ્લાં પાંચ વર્ષથી શરૂ કરેલી આ પ્રવૃત્તિ દ્વારા આજ સુધીમાં આ દંપતીએ લગભગ બસ્સો જેટલા દરદીઓને સાજા કર્યા છે. ટ્રેનમાં જાહેરખબર વાંચીને કોઈ દરદીની માહિતી આપે છે તો ક્યારેક વળી કેબલ પર વીડિયો ક્લીપિંગમાં જોઈને કોઈ દરદીને લઈને આવે છે. વર્લીની ગ્લેક્સો કંપનીની સામે એક છોકરી ઊભી રહેતી. અર્ધપાગલ જેવી લાગતી એ છોકરીની લોકો છેડતી કર્યા કરતા. એકવાર ગ્લેક્સોના એક કર્મચારીએ ટ્રેનમાં વાંચેલી જાહેરખબરને આધારે 'શ્રદ્ધા'માં ફોન કર્યો અને એ છોકરી-સંતોષીને 'શ્રદ્ધા'માં લાવવાની વ્યવસ્થા કરાઈ. પોતાને છોકરો ગણાવતી સંતોષી નર્સિંગ હોમમાં છોકરાનો પોષાક ટી-શર્ટ અને હાફ પેન્ટ પહેરવાનો જ આગ્રહ રાખતી. સારવાર દરમિયાન જાણવા મળ્યું કે એ કાંદિવલીમાં રહેતી હતી. ત્રણ બહેનોની મા મરી જતાં પિતાએ બીજું લગ્ન કર્યું હતું અને ઓરમાન માને દીકરો થયો હતો. ત્રણ મહિનાની સારવાર પછી સંતોષી સાજી થઈ અને તેને કાંદિવલીના ઘેરે પહોંચાડી દીધી. હવે દવા લેવા નિયમિત આવે છે.

રસ્તા પરથી લાવવામાં આવેલા આવા દરદીઓમાં અનેક બહારગામના અને દૂર દૂરનાં-મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, બિહાર, બંગાળ વગેરે રાજ્યોના પણ હોય છે. એ લોકોને પોતાને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા પણ આ દંપતી કરે છે. સ્ત્રીઓ કે છોકરીઓને મૂકવા તો ડૉ. સ્મિતા પોતે જાય છે. આ રીતે દરદીને તેને ગામ મૂકવા જવાના પ્રસંગો યાદ કરતાં ડૉ. સ્મિતા કહે છે : 'ગામડાંના દરદીઓને પાછા મૂકવા જઈએ ત્યારે તેમનાં સ્વજનો જ નહીં, આખા ગામના લોકો જાણે આભારનથી છલકતી આંખે અમને વધાવી રહ્યા હોય તેમ લાગે છે. એક ઠેકાણે તો ચાવલ અને મરચાની ભૂકી ખાઈને જીવતા ગરીબ ગ્રામજનોએ ક્યાંકથી બે ઈંડાનો જોગ કરી મારે માટે ભૂર્જી બનાવી હતી. વીજળીવિહોણા એ ગામમાં તૂટેલો હાથપંખો લઈ ક્યાંય સુધી મને હવા નાખતા રહ્યા હતા એ પ્રેમાળ સ્વજનો.' 'અરે એક વાર તો એક છોકરીને તેને ઘેર સોંપવા ગયા ત્યારે જોરદાર વરસાદ વરસી રહ્યો હતો. તેને ઘેર પહોંચ્યાને થોડી વારમાં તો આડોશપાડોશ અને પછી તો આખા ગામના લોકો વરસતા વરસાદમાં પણ અમારો આભાર માનવા પહોંચી ગયા હતા.'

પરંતુ આ બાબતે મુંબઈનો તેમને કંઈક જુદો જ અનુભવ છે. પાગલ ગણી તરછોડી દેવાયેલાં સ્વજનોને આ અજાણ્યા દંપતી પોતાનાં તનમન-ધનથી ઘસાઈને સાજા કરી જ્યારે તેમનાં સ્વજનોને સોંપવા ગયાં ત્યારે કેટલાંક સ્વજનોના ચહેરા પર આશંકાના વાદળ છવાઈ જતાં જોયાં. હવે આ ડૉક્ટર પૈસા માગશે તો ? કેટલા માગશે ? આવી ચિંતા મન પર ફરી વળી હોય એમ પણ લાગ્યું છે. આ રીતે સાજી થઈને આવેલી વ્યક્તિ પોતાના પરિવારની હોય તોપણ 'દૂરનાં સગા થાય' કહી લાંબી વાત ટાળે છે. હજી ત્રણ-ચાર મહિના પહેલાં જ નર્સિંગ હોમના સામેના મકાન પાસે ઊભી ઊભી જેમતેમ બબડતી એક સ્ત્રીને 'શ્રદ્ધા'માં લવાઈ. તેને સારવાર આપી અને સાજી થતાં મલાડના તેને ઘેર મૂકવા ગયાં. ઘેર બે કમાતી દીકરીઓ હતી. આભારનો એક શબ્દ પણ બોલ્યા વિના માને ઘરમાં લઈ એ છોકરીઓ બોલી, 'પિતાજી બહાર ગયા છે. અમે પછી આપને ત્યાં આવીશું.' ત્યાર પછી એ સ્વજનો આવ્યાં પણ નથી કે નથી તેમણે ફોન કર્યો.

ભરત-સ્મિતા આવા અનુભવોથી વ્યથિત થઈ જાય એ સહજ છે, પણ નિરાશ નથી થતાં. તેમનાં અનેક દરદીઓ સાજા થઈને 'શ્રદ્ધામાં' સેવા આપી રહ્યા છે. બાર જેટલા આવા સ્વયંસેવકોની મદદથી 'શ્રદ્ધા'નો સેવાદીપ ઝળહળે છે. પરંતુ પોતાની ખાનગી પ્રૅક્ટિસ અને આ મફત દરદીઓ બન્ને માટે નર્સિંગ હોમની જગ્યા નાની પડે છે. 'રોડસાઈડ પેશન્ટ્સ' માટે એક અલગ નર્સિંગહોમ ઊભું કરવા તેમણે દહીસરમાં જગ્યા લીધી છે. 'ના, સરકારની કે સુધરાઈની કોઈ મદદ માગી નથી. એ અમલદારશાહીની કાર્યશૈલીનો અમને ઘણો અનુભવ છે. આ યુવાન સિવિલ એન્જિનિયરને જુઓ છો ને ?' કહેતાં ભરતે મને સુધીરનો પરિચય કરાવ્યો. ભાવવાહી આંખો અને સૌમ્ય ભાષામાં વાત કરતો આ ઈજનેર હજી બે વર્ષ પહેલાં જ બૉમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામ કરતો હતો. વાંચન અને લેખનનો શોખ હતો. તે લેખો લખતો અને અખબારોમાં પ્રગટ પણ થતા. પછી તેને 'ફૂલ ફ્લેજ્ડ' પત્રકાર થવાની લગની લાગી. ડિસેમ્બર ૧૯૯૧માં બી.એમ.સી.ની બાંધી આવકની નોકરી પરથી રાજીનામું આપી દીધું. ધડાધડ લેખો લખવા મંડી પડ્યો. હવે તેના મનમાં ઠસી ગયું હતું કે એ 'વૉશિંગ્ટન પોસ્ટ'નો ખબરપત્રી છે. પોતે તો એમ માનવા જ લાગ્યો અને સૌને કહેવા પણ લાગ્યો. તેના ધડાધડ લખાતા લેખો છપાવા બંધ થયા. સુધીરને લાગ્યું તંત્રીઓ તેને અન્યાય કરે છે. પરંતુ એ સિઝોફ્રેનિયાનો ભોગ બન્યો હતો. એનાં લખાણો માથા-મેળ વિનાનાં હતાં. દિવસે દિવસે તેની સ્થિતિ બગડતી ચાલી. યોગીનગરનો તેનો ફ્લૅટ એક માણસે પૈસાની લાલચ આપી ભાડે લઈ લીધો અને સુધીર રસ્તા પર આવી ગયો. ગયા ડિસેમ્બર મહિનામાં બોરીવલીના રસ્તા પરથી તેને 'શ્રદ્ધા'માં લાવ્યા ત્યારે તેના મેલા, વાસ મારતા વાળમાં જૂં-લીખ ખદબદતાં હતાં. હાથમાંથી પરુ વહેતું હતું. બે રૂમ-રસોડાના ફ્લૅટનો એ માલિક રસ્તા પર ભીખ માગતો હતો. 'શ્રદ્ધા'માં ચાર મહિનાની સારવાર પછી સુધીર સાજો થઈ ગયો. દરમિયાન ડૉક્ટરે પોલીસની મદદથી તેનો ફ્લૅટ પણ પેલા માણસને તેના ડિપોઝિટના પૈસા પાછા આપીને મેળવી લીધો.

વાસ્તવની ભૂમિ પર પાછા ફરતાં જ બી.એમ.સી.ની નોકરી પાછી મેળવવા સુધીર તત્પર બન્યો. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.એમ. કાળેએ સુધીરની વિતકકથા સહાનુભૂતિથી સાંભળી. ડૉ. દંપતીની નિર્વ્યાજ સેવા તેમને સ્પર્શી ગઈ. તેમણે સુધીરને ફરી નોકરીમાં રાખવા આદેશ આપ્યો. ત્યારથી (એપ્રિલ '૯૩થી) સુધીરની ફાઈલ બી.એમ.સી.ના વિવિધ ખાતાઓમાં 'Move' થઈ રહી છે. દરમિયાન કાળે પહેલી ઑગસ્ટે નિવૃત્ત થયા છે. સુધીરને તબીબી તપાસનું તેડું આવી ગયું છે. અમે મળ્યા તેના પછીને જ દિવસે (૧૩ સપ્ટેમ્બરે) સુધીરને એ પ્રમાણપત્ર મળી જવાનું હતું. ડૉ. ભરત કહે છે, 'ખરેખર, આ સુધીરની ફાઈલ ઝડપથી 'Move' થઈ છે. બાકી તો ઘણો સમય લાગી જાય.' અને સરકારી તંત્રોની આ 'ઝડપ'ને કારણે જ ડૉ. દંપતી બને ત્યાં સુધી આત્મનિર્ભર રહેવા માંગે છે. અલબત્ત, શ્રદ્ધા ફાઉન્ડેશનને અપાતું દાન કરમુક્તિને પાત્ર છે અને અનેક સેવાભાવી વ્યક્તિઓ તેમ જ સંસ્થાઓ તરફથી અનુદાન મળતા જ રહે છે. પ્રત્યેક ફ્રી પેશન્ટના ખર્ચમાં લગભગ ત્રીશ ટકા ખર્ચ દાનની રકમમાંથી નીકળે છે; પરંતુ હાલ જગાની ખેંચને કારણે નાછૂટકે કેટલાક દરદીઓને પાછા વાળવા પડે છે. દહીંસરનું નર્સિંગ હોમ માત્ર આવા દરદીઓને માટે જ રહેશે. પણ નર્સિંગ હોમ માટેના નાણાં... ?

એ માટે ભારતના લગભગ તમામ અગ્રણી કલાકારોએ (ચિત્રકારોએ) પોતાનો કલાત્મક હાથ લંબાવ્યો છે. આવતા મહિને-ઑક્ટોબરની ૧૮થી ૨૪ તારીખ સુધી જહાંગીર આર્ટ ગૅલેરીમાં ૧૧૬ કલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન 'શ્રદ્ધા-સમર્પણ' યોજાઈ રહ્યું છે. આ પ્રદર્શનમાં ભારતમાં વસતા ૧૧૧ નામાંકિત કલાકારોનાં ચિત્રો હશે. પેરિસ, જર્મની અને ટોરેન્ટોમાં વસતા પાંચ કલાકારોનાં પણ ચિત્રો હશે. સૂચિત પ્રદર્શનનાં ચિત્રોનાં વેચાણની આવકમાંથી રઝળતા દરદીઓ માટેનું દહીંસરનું નર્સિંગ હોમ ઊભું કરવાની શ્રદ્ધા ફાઉન્ડેશનની યોજના છે.

કલાકારોના આ અભૂતપૂર્વ સ્નેહ, સાથ અને સહકારનો ઉલ્લેખ કરતાં ડૉ. ભરત એનું શ્રેય જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સના ગોલ્ડ મેડલિસ્ટ અધ્યાપક હેમન્ત ઠાકરેને આપે છે. ચાર વર્ષ પહેલાં જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સનો આ તેજસ્વી યુવાન લેક્ચરર માનસિક બીમારીનો શિકાર બની ગયો. ત્યારે તેને નોકરી પરથી રજા અપાઈ ગઈ હતી. જહાંગીર આર્ટ ગૅલેરીની આસપાસ આંટા મારતો અને પગથિયાં પર બેસી રહેતો હેમન્ત પોતાને મકબુલ ફિદા હુસેન માનતો. તેની જેમ પગરખાં પહેર્યા વિના ઉઘાડા પગે ફરતો. હેમન્તના વિદ્યાર્થીઓ તેને 'શ્રદ્ધા' સુધી પહોંચાડવામાં નિમિત્ત બન્યા. ડૉ. દંપતીનાં જહેમત અને નિષ્ઠાએ હેમન્તને માત્ર સાજો જ ન કર્યો, સંપૂર્ણપણે સ્વસ્થ હેમન્તને રાજ્યના શિક્ષણસચિવની સહાયથી ફરી જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સના મસ્ટર પર પણ મુકાવ્યો. આજે જે.જે.ના ડીન કહે છે 'હેમન્ત ઈઝ એમન્ગસ્ટ મોસ્ટ પંક્ચ્યુઅલ ઍન્ડ પ્રોફેશનલ ટીચર્સ.' જે.જે.માં ફરી નોકરી મળી તે પહેલાં હેમન્તના આત્મવિશ્વાસને મજબૂત કરવાં આ ડૉક્ટર દંપતીએ એક સરસ કીમિયો કર્યો હતો. હેમન્ત નિયમિત જે.જે. સ્કૂલમાં જતો વિદ્યાર્થીઓને ભણાવતો. તેને પગાર પણ મળતો. પરંતુ તે પગાર સ્કૂલ નહીં, ડૉક્ટર તરફથી મળતો. એ બે મહિના દરમિયાન હેમન્તની સંપૂર્ણ માનસિક સ્વસ્થતા અને વ્યાવસાયિક સજ્જતાની ડીનને પ્રતીતિ થઈ ત્યાર પછી જ તેને ખરેખર નોકરી પર લેવાયો. આજે હેમન્ત ડૉક્ટર દંપતીના પરિવારનો જ નહીં શ્રદ્ધા ફાઉન્ડેશનનો પણ એક સ્થાયી સાથી બની ગયો છે. પ્રદર્શનનો વિચાર પણ તેને જ આવ્યો હતો. અને હમણાં મુંબઈ, દિલ્હી, મદ્રાસ, વડોદરા, અમદાવાદ કલકત્તા, શાંતિનિકેતન, હૈદરાબાદ, બૅંગલોર, ભોપાળ, પૂના, ઉદયપુર, વિશાખાપટનમ વગેરે શહેરોમાંથી કલાકારોની કલાકૃતિઓ જહાંગીર પર પહોંચતી કરવાના કામમાં ગળાડૂબ છે.

હેમન્ત માટે બીજા એક સરસ સમાચાર એ છે કે 'સુધીર હવે બી.એમ.સી.માં કામે લાગી જશે પછી હેમન્ત અને સુધીર-બન્ને મિત્રો-સુધીરના ફ્લૅટમાં રહેવા જવાના છે.' આ વાત કહેતા ડૉ. ભરતના ચહેરા પર અજબનો સંતોષ છલકે છે. પરંતુ પ્રદર્શનની સફળતા અંગે એમને થોડો ઉચાટ છે. 'આવા ખ્યાતનામ કલાકારો પાસેથી ચિત્રો આવ્યાં છે અને કદાચ બધા ચિત્રો વેંચાય નહીં તો !' એવો આછો આછો અંદેશો તેમની આંખોમાં ડોકાય છે. પરંતુ મુંબઈનો કદરદાન અને કલાપ્રેમી વર્ગ ડૉક્ટર દંપતી ભરત-સ્મિતાના આ 'શ્રદ્ધા સમર્પણ' પ્રદર્શનને સફળ બનાવશે જ એવી શ્રદ્ધા તેમનાથી છૂટા પડતી વખતે મને બંધાતી હતી.

**GUJARAT**
**News**

**GUJARATI**

**MUMBAI SAMACHAR**

**OCTOBER 1993**


સ્થાપના : ૧લી જુલાઈ ૧૮૨૨

# મુંબઈ સમાચાર

THE BOMBAY SAMACHAR

શનિવાર, તા. ૨૩મી ઓકટોબર ૧૯૯૩ Saturday 23rd October 1993


## કલાઆવિષ્કાર અને આસ્વાદ


– કનુ નાયક


# શકિત વધારી આપે તે સાધના

"થોથા વાંચી શકે તે પંડિત...
"ચહેરા વાંચી શકે તે સંત...
"હૃદય વાંચી શકે તે ઋષિ...
"દિશા બતાવે તે દિવ્ય...
"શકિત વધારી આપે તે સાધના...

સ્વામી શ્રી સચ્ચિદાનંદજી કલા શિક્ષણ લેતાની સાથે જ કલાકારને ચોક્કસ દિશા તરફ ગતિ કરવાની છે, તેનું તેને ભાન થઈ જાય છે. કલાગુરૂ દિશા આપે ત્યારે પરિપૂર્ણતાની વાત ત્યાં નથી આવતી, માત્ર દિશા સૂચન થાય છે. ધીરે ધીરે કલાકૃતિઓમાં હૃદયની વેદનાઓ ઠાલવતા શીખવું પડે છે, ચહેરાઓ પર સુખ દુ:ખના ભાવ અને વિવિધ રસોનો પ્રભાવ વાંચતા શીખી, કૃતિમાં તે ભાવ લાવવાનો રહે છે. આ વખતે તે ભાવવિભોર થઈ જાય તો કૃતિમાંથી તે ભાવ પ્રેક્ષકો તરફ પ્રતિધ્વનિત થાય છે. જુદી જુદી શૈલીઓનાં ચિત્ર દર્શન અને વાચન તેના જ્ઞાનની વૃદ્ધિ કરે છે. એટલે ટૂંકમાં કલાકારે કલાકાર બનતાની સાથે જ ઋષિ, સંત, પંડિત વગેરેની જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે અને આમ સાધના કરતાં કરતાં પોતાની શકિતને સર્વ રીતે વધારતા જવાનું છે. સાધના કલાકાર, એટલે કે તપ કરતો માનવ, ફળ ન પ્રાપ્ત કરે તેવું ભાગ્યે જ બને. સ્વામી સચ્ચિદાનંદના શબ્દોમાં કહીએ તો, "તપ ફળ ન આપનારૂં વાંઝિયું ન હોય. શકિત તપમાંથી આવે. સાધનામાંથી શકિતનો ઉદય થાય. શકિત વધારી આપે તે સાધના."

'જહાંગીર' કલા વીથીમાં આ સપ્તાહમાં કલાકાર - પંડિતો, સંતો અને ઋષિઓનો મેળો જામ્યો છે. કેટલાક તેમાંના દીક્ષિત છે, કેટલાક સ્વબળે આગળ વધ્યા છે, કેટલાકને ટેકો મળ્યો છે અને ટકી રહ્યા છે. એક વસ્તુ સુંદર બની છે તે એ કે અહીં બધા કલાકારોએ પોતાની કૃતિઓ, 'સમર્પણ' ભાવનાથી શ્રદ્ધા રીહેબીલીટેશન ફાઉન્ડેશન'ને ભેટ આપી દીધી છે. તેના વેચાણમાંથી મળેલી રકમ આ 'ફાઉન્ડેશન' માનસિક રીતે પીડાઈને લગભગ ગાંડા જેવા બની ગયેલા માનવોને વૈદ્યકીય સારવાર તથા અન્ય રીતે સામાજિક માનવ તરીકે સ્થાપિત કરવામાં વપરાશે. આ સમર્પણ પ્રયોગમાં કલાકારોએ પોતે 'આત્મલક્ષી' નથી, પણ 'પરલક્ષી', 'સમાજલક્ષી' પણ થઈ શકે છે તેનો દ્રષ્ટાંત પૂરો પાડયો છે.

આ પૂર્વેના પણ કેટલાક પ્રસંગો વાચકોએ નોંધવા જેવા છે. અચાનક ચીને, ભારત સાથે યુધ્ધ જાહેર કરી, જ્યારે ભારતીય જુવાનોનો ખુરદો બોલાવી દીધો હતો, ત્યારે કલાકારોનાં ચિત્રોનું લીલાઉ મોજી જનરલ થાપરે સૈનિક પરિવારો માટે સારી એવી રકમ એકત્ર કરેલી. ૧૯૮૯માં 'જવાહર' જહાજમાં ચિત્રોનું લીલાઉ મોજી 'ટાઈમ્સે' ૪૪.૨૯ લાખ ભેગા કરી 'બોમ્બે આર્ટ સોસાયટી'ને કલાકારોના શ્રેય માટે આપેલા. 'હેલ્પ એજ' સંસ્થાએ ૧૯૮૮માં કલાકરોનાં ચિત્રો દ્વારા ૧૯ લાખ ભેગા કરેલા. (આ સંસ્થા અશકત અને બેસહાય વૃદ્ધો માટે રૂા. ૩ કરોડ દર વર્ષે ખર્ચે છે.) એટલે કલાકારોનાં હૃદય ઋષિ જેવાં છે અને સંતોની જેમ તેઓ દર્દભર્યા ચહેરાઓ વાંચી શકે છે, તેની પ્રતીતિ અવારનવાર જનતાને થઈ છે.

સારા હેતુ માટે 'શ્રદ્ધા ફાઉન્ડેશન' દ્વારા પ્રદર્શન બે સ્થળે યોજાયું છે. 'આર્ટીસ્ટ સેન્ટર' તથા જહાંગીર કલા વીથીમાં દિલ્હી, મદ્રાસ, ચોલામંડલ, કલકત્તા, હૈદ્રાબાદ, બેંગલોર, વડોદરા, ગુજરાત, મધ્યપ્રદેશ, પૂના, મુંબઈના મળી ૧૨૮ કલાકરોની કૃતિઓ રજૂ થઈ છે. જ્યારે સાથે સાથે પેરિસ, મ્યુનીચ, ટોરેન્ટો, ન્યુયોર્ક, લંડનથી સમર્પણ હતું. આવેલી ૧૨ કૃતિઓ રજૂ થઈ છે. વિવિધ માધ્યમો, વિવિધ વિષયો, અને વિવિધ શૈલીઓના આ મેળામાંથી શ્રેષ્ઠિઓને પોતાને અનુકૂળ કૃતિ મળી રહેશે. પોતાની ઈચ્છા મુજબની કૃતિ મળ્યા પછી એક આત્મસંતોષ તો થશે જ બીજો પુણ્ય લાભ સારા કાર્યમાં પોતાના 'યોગદાન'ની તક મળી તેનો થશે. ✱



સંસારના વાતાવરણથી આવૃત્ત બનેલો માનવ કલ્પનાની પાંખે ઉડવા મથે છતાં એ પાંખોને આગના ધૂમાડા દઝાડે છે. સામે સ્થિત પ્રિયતમાના વિરહાગ્નિને પણ શાંત કરી શકતો નથી. અસહાય સ્થિતિમાં નત મસ્તક માનવ, ચિત્રમાં મુકત વાતાવરણ વચ્ચે રજૂ થયો છે. ખરેખર એ વાતાવરણ 'મુકત' છે ખરો? ધૂમાડાના ગોટેગોટા વાતાવરણને પ્રદૂષિત કરે છે અને માનવ નિ:સહાય બની જીવે છે. 'જીવવા ખાતર જીવવું' અને 'મરવા વાંકે જીવવું'એ બન્નેમાં અર્થભેદ છે. 'શા માટે જીવવું?' એ પ્રશ્નનો પ્રત્યુત્તર વ્યકિત દીઠ જુદો જુદો મળવાનો. તમે શું ઈચ્છો છો? એ તમારે જ વિચારવાનું છે. ચિત્રકાર શશીધરનની આ કૃતિ છે. આવી અનેક કૃતિઓ અનેક કલાકારની 'શ્રદ્ધા' સમર્પણ પ્રદર્શનમાં રજૂ થઈ છે. તમારી માટેની પસંદગી તમારે કરવાની છે.

**NATIONAL**

**News**

**GUJARATI**

**INDIA TODAY**

**OCTOBER 1993**


કિંમત રૂ. ૮

9320

૨૧ ઑક્ટોબર-૫ નવેમ્બર, ૧૯૯૩

ઇન્ડિયા ટુડે




પાકિસ્તાન : કોઈને લાડવો ન મળ્યો
ધરતીકંપ : હવે પછી કોનો વારો?

કળાપ્રદર્શન

# અસહાયોની સહાયમાં

## સંવેદનશીલ કળાકારો માનસિક રોગીઓની વહારે ચડે છે

અંજલિ ઇલા મેનન, જે. સ્વામીનાથન્, બિકાસ ભટ્ટાચાર્ય, ગુલામ શેખ, બદરીનારાયણ, મનુ પારેખ, મનજિત બાવા... યાદી તો હજી ઘણી લાંબી છે. ભારતીય કળાજગતના આ બધા ચમકતા સિતારાઓથી મુંબઇ ઝગમગી ઊઠવાનું છે. આર્ટની દુનિયાના આ માંધાતાઓ ૧૮થી ૨૪ ઑક્ટોબર દરમિયાન મુંબઇની જહાંગીર આર્ટ ગૅલેરીમાં પોતાનાં ૧૪૦ જેટલાં ચિત્રોનું પ્રદર્શન યોજી રહ્યા છે. 'શ્રદ્ધા સમર્પણ'ના બૅનર તળે યોજાનારા આ પ્રદર્શનમાં વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય કળાકારો પણ ભાગ લેવાના છે.

આ બધા જ ખેરખાંઓ એક બૅનર નીચે ભેગા થયા તેની પાછળ રસ્તે રઝળતા અને માનસિક રીતે અસ્થિર લોકો માટે ભંડોળ ઊભું કરવાનો ઉમદા આશય છે. આવા અસહાય લોકો માટે બધા જ પ્રતિષ્ઠિત કળાકારોએ પોતાની સર્જકતાનું દાન કરીને રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનનું આયોજન કર્યું છે.

આ પ્રદર્શનનાં મૂળિયાં પાંચ વર્ષ પહેલાં બનેલા એક પ્રસંગમાં પડેલાં છે. એ આખા પ્રસંગના કેન્દ્રસ્થાને છે જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સનો એક ગોલ્ડ મેડલિસ્ટ વિદ્યાર્થી હેમંત ઠાકરે. હેમંતને જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં જ આસિસ્ટન્ટ લેક્ચરર તરીકે નોકરી મળી ગઇ હતી. બધું સરસ રીતે ગોઠવાઇ ગયું હતું પણ એક દિવસ અચાનક હેમંત ઠાકરેનું જીવન છિન્નભિન્ન થઇ ગયું. હેમંતને સ્કિઝોફ્રેનિયા નામે ઓળખાતો એક માનસિક રોગ લાગુ પડી ગયો હતો.

આ ઊભરતો કળાકાર વાસ્તવિકતા સાથેનો બધો જ સંપર્ક ગુમાવી બેઠો. કોઇ એની મદદે પણ ન આવ્યું અને આમ એક આસિસ્ટન્ટ લેક્ચરર રસ્તા પરના 'ભિખારી' થઇ ગયા. દિવસોની વધી ગયેલી દાઢી, જૂથી ખદબદતા લઘરવઘર વાળ અને સભ્ય સમાજથી જોજનો દૂર હેમંત જહાંગીર આર્ટ ગૅલેરીની આસપાસ રખડતો રહેતો. એ ઘણી વાર એમ. એફ. હુસેન સાથે વાતો કરતો. બધા એને જોઇ રહેતા, દયા પણ ખાતા પણ કશી મદદ ન કરતા.

એ પછી પણ એક વર્ષ વીતી ગયું. આખરે એક દિવસ હેમંતના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીને આવા માનસિક રીતે અસ્વસ્થ લોકોની સારવાર કરતા શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન વિશે જાણ થઇ. ત્યાંનાં ડૉક્ટરદંપતી ડૉ. ભરત

મનુ પારેખ



ગુલામ શેખ



ટી. વૈકુંઠમ્



વાટવાની, સ્મિતા વાટવાની તથા ડૉ. ઘનશ્યામ ભીમાણીનાં સંપર્ક સધાયો અને ત્રણ મહિનાની સારવાર પછી રસ્તે રઝળતો હેમંત ફરીથી અગાઉ જેવા પ્રતિભાવંત કળાકાર બની ગયો. આજે જે. જે.માં પ્રમાણમાં આરે ઊભેલા હેમંત માટે તેના સાહેબ રિપોર્ટ આપે છે કે તે આખા સ્ટાફમાં સૌથી વધુ કર્તવ્યનિષ્ઠ છે.

આજે એ જ હેમંત પોતાને નવી જિંદગી આપનાર નર્સિંગ હોમ માટે ભંડોળ એકઠું કરવામાં મદદ કરતી વ્યક્તિઓમાં અગ્રસ્થાને છે. હેમંત જેવો જ બીજો એક કિસ્સો સુધીર ફડકેનો છે. મુંબઇ મહાનગરપાલિકામાં સબ-એન્જિનિયર તરીકે નોકરી કરતા સુધીર ફડકે એક દિવસ માનસિક રોગનો ભોગ બન્યા.

પોતાને વૉશિંગ્ટન પોસ્ટનો કૉરસપૉન્ડન્ટ માનવા લાગેલા સુધીર માનસિક સમતુલા સાવ ગુમાવી બેઠા. તે અરસામાં તેમના અંધકારભર્યા જીવનમાં શ્રદ્ધા નર્સિંગ હોમની પાંચ મહિનાની સારવારથી ચમત્કાર સર્જાયો. હવે મુંબઇ મહાનગરપાલિકાના ડિરેક્ટર ઑફ ટેક્નિકલ સર્વિસીઝ પી. એમ. કાળે સાથે સુધીર પૂરા આત્મવિશ્વાસથી ચર્ચા કરી શકે છે.

અત્યારે તો મુંબઇના બોરીવલીમાં એક નાનકડી જગ્યામાં ચાલતા આ નર્સિંગ હોમને ૧૦૦ દર્દીઓને સમાવી શકે તેવી વિશાળ જગ્યાએ ફેરવી નાખવાનું તેના સંચાલકોનું સ્વપ્ન છે. ડૉ. ભરત વાટવાની કહે છે, 'રસ્તે રઝળતા માનસિક રોગીઓની સારવાર કરતું આખા ભારતનું આ એકમાત્ર કેન્દ્ર છે.' ડૉ. સ્મિતા વાટવાની કહે છે, 'આ રોગને અનુકૂળ બાયોકેમિકલ માનસિક સ્થિતિ ધરાવતાં બધાં જ સ્ત્રી-પુરુષોને આ રોગ થઇ શકે છે.'

એક વાર આ રોગ થયા પછી વાસ્તવ અને ભ્રાંતિની એવી ભેળસેળ થાય છે કે વ્યક્તિ ભ્રાંતિથી દોરવાય છે. વ્યક્તિ પોતાનાં પરિચિત સ્થળોની આસપાસ કોઇ હેતુ વિના ભટકવા લાગે છે. ભૂલથી આ રોગનો દર્દી જો બસ કે ટ્રેનમાં ચડી જાય તો તે ઘરથી સાવ વિખૂટો પડી જાય છે. આખરે એ રસ્તે રઝળતી વ્યક્તિ બની જાય છે. એ તબક્કે ખોરાક, આશરો કે સારવાર જેવી મૂળભૂત જરૂરિયાતથી પણ આ દર્દીઓ વંચિત થઇ જાય છે.

**એક વાર આ રોગ થયા પછી વાસ્તવ અને ભ્રાંતિની એવી ભેળસેળ થાય છે કે વ્યક્તિ ભ્રાંતિથી દોરવાય છે**

રોગીઓની આવી અસહાયતા જોઇને જ ૧૦૦ જેટલા સંવેદનશીલ કળાકારો તેમને મદદ કરવા પ્રેરાયા છે. એટલે તેમણે પ્રદર્શનનું આયોજન કર્યું છે-એક એવા આશય માટે જે સિદ્ધ થશે તો આજે શેરીઓ અને ગટરોમાં સબડતા અસંખ્ય લોકો તેમની પૂર્વવત્ જિંદગીમાં પાછા ફરી શકશે.

-દક્ષેશ પરીખ

# GUJARAT
# News

## GUJARATI

## MUMBAI SAMACHAR

## NOVEMBER 1999

મુંબઈ સમાચાર
THE BOMBAY SAMACHAR
શનિવાર, તા. ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૯ : Saturday 6th November 1999





# સ્કિઝોફ્રેનિયા

## પોતાની ઓળખ જ વિસરાઈ જાય એમ પણ બને...







## ઘણીવાર આપણે જેને ભિખારી માનીએ છીએ તે ભિખારી હોતાં નથીઃ ડો. સ્મિતા વટવાની



ડૉ. સ્મિતા વટવાની

# Media Coverage of Rescue of Mentally ill Destitutes from Streets by Shraddha Ambulance

**GUJARAT**
**News**

**GUJARATI**

**DIVYA BHASKAR**

**OCTOBER 2011**

## મહારાષ્ટ્રની સંસ્થાએ ૨૫૦૦ પાગલોને પરિવાર મિલન કરાવ્યું



**સામખિયાળી:** મહારાષ્ટ્ર સ્થિત કર્જતમાં આવેલી શ્રદ્ધા રિહેબીલીટસ ફાઉન્ડેશન સંસ્થા ભારતભરમાં રખડતા, ભટકતા પાગલોનો ઈલાજ કરી અત્યાર સુધીમાં ૨૫૦૦ જેટલા પાગલોની સેવા શુશ્રૂષા કરી પરિવાર મિલન કરાવ્યું હોવાનું સંસ્થાના કાર્યકરોએ જણાવ્યું હતું. જંગીના દયારામ નાનજી સુમળેએ જણાવ્યું કે, શ્રદ્ધા રિહેબિલીટેશન ફાઉન્ડેશન સંસ્થાની સ્થાપના ૧૯૮૮માં સામાજિક કાર્યકર્તા બાબા આમટેએ કરી હતી.

**GUJARAT**
**News**

**GUJARATI**

**KACHCHH MITRA**

**OCTOBER 2011**


// जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी //

www.kutchmitradaily.com

# કચ્છમિત્ર

સોમવાર ■ તા. ૩૧/૧૦/૧૧ પાના-૧૪ ■ કિંમત : રૂા. ૩

સંવત : ૨૦૬૮ ■ કારતક સુદ ૫ ■ વર્ષ : ૬૫ ■ અંક : ૮૩ ફોન : ૨૫૨૦૯૦/૯૧ ■ ફેક્સ : ૨૫૦૨૭૧/૨૫૨૦૮૯.

KUTCHMITRA ■ BHUJ ■ 31-10-11 ■ MONDAY Regd. No. G. KCH-3/2008-2011 ■ RNI No. 1554/57

ભુજ - સોમવાર ■ તા. ૩૧-૧૦-૨૦૧૧


# 'મસ્તરામો'ને ઠરીઠામ કરવાની અનોખી પ્રવૃત્તિ

રાપર, તા. ૩૦ : સમાજમાં મોટા નગરોમાં કોઈ ખૂણામાં વધેલી દાઢી, મેલાંઘેલાં ફાટેલા કપડાં, સૂનમૂન બેસનાર, જે મળે તે ખાઈ લેવું, મળે તે ચલાવી લેવું, ગરમી, ટાઢ કે વરસાદની પરવાહ નહીં તેવા કહેવાતા 'ગાંડા' કોણે જોયા ન હોય ? હા, આ મગજ પરનો કે મન પરનો કાબૂ ગુમાવી બેઠેલાને ઠરીઠામ કરવાનું પુણ્યનું કામ આપણો કચ્છ વાગડનો એક ભૂદેવ ૧૯૮૮થી કરી રહ્યો છે. આજ લગી તેણે આવા ૨૫૦૦ જેટલા કહેવાતા પાગલોને સારવાર અપાવી ઘર દેખાડી-પરિવાર સાથે હર્ષોલ્લાસ કરીને ભેળવ્યા છે.

આજે આ મૂળ જંગીના દયારામ મહારાજ રાપર આવ્યા અને આ પ્રવૃત્તિ અંગે લોકજાગૃતિ સાથે રાપરમાં 'જીવણ' નામે ઓળખાતા એક કહેવાતા 'પાગલ'ને મુંબઈ સારવાર અર્થે લઈ ગયા ત્યારે જાણીતા ભજનિક અને આવી પ્રવૃત્તિ સાથે સંલગ્ન સમરથસિંહ સોઢા વિ. આગેવાનોની હાજરીમાં પત્રકારોને વિગતો તેમણે આપી હતી.

શ્રદ્ધા રિહેબીલીટેશન ફાઉન્ડેશન સંસ્થામાં મુખ્ય ભૂમિકા નિભાવતા દયારામભાઈએ કહ્યું કે કોઈ પરિવારમાં આઘાત લાગવાથી, ધંધામાં ભયંકર ખોટ જવાથી,



રાપરમાં માનસિક અસ્થિર વ્યક્તિઓની સારવાર માટે મુંબઈથી આવેલા સામાજિક અગ્રણી કાર્યકરોની ટીમ. (તસવીર : સૂર્યશંકર ગોર)

સ્વજનનો વિરહ ન સહન થવાથી આવી સ્થિતિ સર્જાતી હોય છે અને જે-તે વ્યક્તિ તાણમાં આવી જાય છે.

## રાપરમાં મુંબઈ સ્થિત વાગડવાસીની સંસ્થા દ્વારા લોકજાગૃતિનું કાર્ય

તેમણે કહ્યું કે, કેટલાક અંધશ્રદ્ધાળુઓ કોઈકે કાંઈક કરી નાખ્યું કે ખવડાવી દીધું આવું કહેતા હોય છે, પરંતુ સાથે આવેલા મુંબઈના આ ક્ષેત્રના તજજ્ઞ વિજયભાઈ બ્રહ્માણીએ કહ્યું કે, આ સ્કીઝીયોફેનિયા નામની તકલીફ છે, જેમાં ડોકોમાઈન્ડ તત્ત્વ ખૂટતાં આ સ્થિતિ સર્જાય છે, પરંતુ હાલમાં તેની દવા ઉપલબ્ધ છે. એ ત્રણ-ચાર માસની સારવાર બાદ એકદમ આ શખ્સ નોર્મલ બને છે અને પછી તેને તેના પરિવારને સોંપવામાં આવે છે. પરિવારની હૂંફ અને પ્રેમ મળતાં ફરીને તેનું નવું જીવન શરૂ થાય છે.

વિશેષ વિગતો આપતાં કહ્યું કે, એક દર્દીને નોર્મલ કરવાનો ખર્ચ રૂપિયા દસેક હજાર થાય છે. નવા વર્ષના પ્રારંભે હાલે કચ્છમાંથી આવા તપાસીને આઠથી દસ શખ્સોને લઈ જઈ તેની સારવાર સંસ્થા કરીને તેમના પરિવારને સુપરત કરશે. 'જીવણ'ને વિદાય આપતાં સમરથસિંહ સોઢાએ કહ્યું કે આ સમુદાયના પુનઃ ઉત્થાન માટે પોતે પ્રયત્નશીલ રહી પૂરક ભૂમિકા ભજવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અલખના આરાધક રાપર સેવાસદનના સફાઈ વિભાગના કર્મચારીઓને સાથે રાખી દર મહિને આ 'પાગલો'ને શોધી તેમને નવડાવી, ધોવડાવી, નાસ્તો કરાવી તેમને સફાઈ કરાવવાનું પ્રેરક કાર્ય કરે છે. અગાઉ રાપરમાં આવા ૧૫થી ૧૭ 'પાગલો' હતા પણ હવે તેમાંથી ત્રણ-ચાર જ વધ્યા છે.

દયારામભાઈએ વિશેષ વિગતો આપતાં કહ્યું કે રાપર-સામખિયાળી, ગાગોદર, ભચાઉ, આદિપુરમાં ફરી તજજ્ઞોની મદદથી તપાસી અને આવી સ્થિતિના આઠથી દસ જરૂરતમંદોને લઈ જઈ તેને નવું જીવન મળે તેવા પ્રયાસો થશે.

આ વાગડવાસી ભૂદેવની પ્રવૃત્તિઓની 'જન્મભૂમિપત્રો' સહિતના અખબારોએ પૂર્વે નોંધ લેતાં અન્ય ૧૫ જગ્યાએ પ્રેરણાત્મક આ જાતની નવી પ્રવૃત્તિઓ થતી હોવાનું તેમણે કહ્યું હતું.

રાપરમાં આજે લોકજાગૃતિ અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં ન.પા.ના કિશોરભાઈ ઠક્કર, મુંબઈના ખાનારામ ચૌધરી, પત્રકાર રસિક મોરબિયા તથા અન્ય નગરજનો દેના બેન્ક ચોકમાં હાજર રહ્યા હતા અને 'જીવણ'ને ભાવભીની વિદાય અપાઈ હતી. બે હાથ જોડી જીવણે નગરવાસીઓનું અભિવાદન ઝીલ્યું ત્યારે ભાવુક દ્રશ્ય સર્જાયું હતું.

**GUJARAT**

**News**

**GUJARATI**

**KACHCHH UDAY**

**OCTOBER 2011**

INS
INDIAN NEWSPAPER SOCIETY

Website : www.kutchuday.in
E-mail : kutchuday@gmail.com, info@kutchuday.in

તા.૩૦ - ઓક્ટોબર, ૨૦૧૧ રવિવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

# રાપરના પાગલોને મુંબઈની સંસ્થા દ્વારા સારવાર માટે લઈ જવાયા



રાપર : શહેર અને પંથકમાં રખડતા-ભટકતા અલગારી પાગલોની સારવારનું બીડું મુંબઈની જાણીતી સેવાભાઈ શ્રધ્ધા સંસ્થાએ ઝડપ્યું છે. શ્રધ્ધા સંસ્થાના અગ્રણીઓ મુંબઈથી ખાસ એમ્બ્યુલેન્સ મારફતે રાપર આવી પહોંચ્યા હતા અને શહેર અને પંથકમાં અવધુત વેશભુષામાં રખડતા-ભટકતા પાગલોની માનસિક સારવાર માટે લઈ જવાયા હતા. શ્રધ્ધા સંસ્થાના અગ્રણી દયારામભાઈ નાગજી મારાજ (મુળ જંગી હાલે મુંબઈ)એ અલગારી પાગલોની સારવારનું બીડું ઝડપ્યું છે. રાપર શહેરમાં ૧૫ વર્ષથી રહેતા અને ક્યારેય કોઈને નુકશાન ન પહોંચાડનાર જીવણ નામક પાગલને સારવાર માટે લઈ જવાયો હતો. સમગ્ર કામગીરી શહેરમાં દર પંદર તારીખે રખડતા-ભટકતા પાગલોને નહાવા-ધોવાની વ્યવસ્થા કરવા સુધરાઈ સાથે સહભાગી થતા ગાયક કલાકાર સમરથસિંહ સોઢાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. રાપર શહેરમાંથી બે અને ગાગોદરના એક પાગલની માનસિક સારવાર કરાવી નવજીવન આપવાનું ભગીરથ કાર્ય શ્રધ્ધા સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. રાપર શહેરીજનોએ સંસ્થાની કામગીરીની સરાહના કરી હતી.

**GUJARAT**
**News**

**GUJARATI**

**JANMABHOOMI**

**DECEMBER 2011**


।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

# જન્મભૂમિ

Janmabhoomi 26-12-2011 Mumbai


# રાપરનો 'જીવણ'તો વડોદરાનો ભણેલો ગણેલો સજ્જન નીકળ્યો

**સૂર્યશંકર ગોર દ્વારા**

રાપર, તા. ૨૫ : જીવનમાં ક્યારે કેવા વા-વંટોળિયા આવે તેનું કાંઇ જ નક્કી નથી હોતું ! અનેક ઝંઝાવાતો સામે માનવ સદીઓથી ઝઝૂમતો રહ્યો છે. ખાવા-પીવાની ઇચ્છા હોય ત્યારે ખાવાનું ન મળતું હોય અને ખાવા-પીવાનું સુખ હોય ત્યારે દર્દોને કારણે તબીબો ખાવાની મનાઇ ફરમાવી દે ! અજબ-ગજબના આટાપાટા અહીં છે !

રાપરના અયોધ્યાપુરીના ચકરા પાસે અનેક શિયાળાની કડકડતી રાતો, ચોમાસા અને ગરમીમાં ઓટલા પર પસાર કરનારો 'જીવણ' જેને લોકો 'પાગલ' તરીકે ગણતા તે વડોદરાના એક પરાંમાં રહી શાક માર્કેટમાં મેનેજમેન્ટનું કામ સંભાળતો હતો. ગત તા.' ૨૨-૧૨ના બે દાયકા બાદ જીવણને જોનાર તેના પરિવારજનો માટે જાણે ઉત્સવની ઘડી આવી હોય તેવો માહોલ ખડો થયો હતો.

વાગડના દયારામ નાગજી મહારાજ છેલ્લા કેટલાક વર્ષોથી આવા ઘરની ભૂલેલા ભટકેલાઓને શ્રદ્ધા રિહેબીલીટેશન સંસ્થામાં લઇ જઇ તેના શરીરને ચેક અપ કરાવી માનસિક બીમારીનો ઇલાજ કરાવી ઘરે પહોંચાડવાનું કામ કરી ભીતરનો આનંદ અને સંતોષ પામે છે. મુંબઇથી ટેલિફોન પર ખુશખુશાલ જણાતાં આ ભૂદેવે કહ્યું કે જીવણ અને તેના પરિવારજનો રાપરની જનતાનો ખૂબ ખૂબ ઉપકાર માને છે. બે દોયકા સુધી 'જીવણ'ને તમામ વર્ગનાએ જે હૂંફ આપી હતી, અનેકનો એ લાડીલો બન્યો હતો. માત્ર માથું હલાવીને હા અથવા ના કરનારા જીવણના પરિવારમાં નાનો ભાઇ મોહન છે કહાર (ભોઇ જ્ઞાતિ)ના આ જીવણને આસપાસનાએ જોતાં જ સૌ હર્ષથી રોમાંચિત બન્યા હતા અને અનેકની આંખો ભીની થઇ હતી. પરિવારજનોએ કહ્યું કે અમે તો જીવણની આશા છોડી દીધી હતી. ખૂબ ગોત કરીને થાકયા હતા તે ખૂબ ભણેલો-ગણેલો હોંશિયાર અને મળતાવડા સ્વભાવનો હતો.



રાપરમાં બે દાયકા સુધી જેને લોકો 'પાગલ' ગણતા એ જીવણ પોતાના ઘેર વડોદરા પહોંચ્યો ત્યારે પરિવારજનોમાં ખુશી ફરી વળી હતી.

આ જીવણને રાપરથી ગત તા. ૩૦-૧૦ના દયારામ મહારાજ મુંબઇ સંસ્થામાં લઇ જઇ ઇલાજ કર્યો. ધીમે ધીમે સાર-સંભાળ અને ટ્રીટમેન્ટ બાદ નોર્મલ બન્યો. ધીમે ધીમે ઘરનું સરનામું યાદ આવ્યું પોતે ભોગવેલી યાતનાઓમાંથી નવું જ જીવન મળ્યું. રાપરની જનતાએ ખાવા, પીવાના, પહેરવા, ઓઢવા આપી સંભાળ લીધી તે સ્મરણો જીવણને યાદ આવતાં તે ભાવુક બન્યો હતો.

આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મૂળ જંગી ગામના દયારામ મહારાજે કહ્યું કે સ્કીઝોફેનિયા નામના માનસિક દર્દીઓને આપણે અકારણ ગાંડો, પાગલ કે ડગરી ખસી ગઇ છે તેવાં લટકણિયા આપીએ છીએ જેને કેટલાક ટીખ્ખળખોર અને અજ્ઞાની લોકો ચીડવી, પજવીને વિકૃત આનંદ લે છે, જે નિંદનીય કૃત્ય છે. આવા માનસિક દર્દીને તિરસ્કારની નહીં સહાનુભુતિ આપવી જોઇએ. આવા માનસિક દર્દી શરૂઆતમાં નોર્મલ લાગે પછી વિચિત્ર વર્તન કરે પરિણામે કેટલાક એવું માને કે કામ નથી કરવું એટલે નાટકવેડા કરે છે. અથવા વળગાડ થયો છે કોઇએ મૂઠ નાખી છે, પડછાયામાં આવી ગયો છે. આવી અંધશ્રદ્ધામાં માણસો દોરવાય છે પરંતુ દયારામ મહારાજે કહ્યું કે આવી તકલીફવાળાને માનસિક ડોકટર પાસે લઇ જઇ સારવાર આપવી જોઇએ શક્ય તેટલી મદદ કરવી જોઇએ આવા કાર્ય માટે દયારામ મહારાજના નંબર પણ તેમણે આપ્યા છે ૦૯૮૨૦૩ ૨૧૩૭૭ ઉપર સંપર્ક કરવો.

તેમણે છેલ્લે કહ્યું કે કોઇ કરજમાં ડૂબ્યા હોય કે માનસિક આઘાત લાગ્યો હોય નજીકનું સ્વજન ઓચિંતું અકાળે મરણ થાય ત્યારે માનસિક તકલીફ થવાની સંભાવના રહે છે પરસ્પરની હૂંફ અને પ્રેમમય વાતાવરણ પર તેમણે ખાસ ભાર મૂકયો હતો.

**GUJARAT**
**News**

**GUJARATI**

**DIVYA BHASKAR**

**DECEMBER 2011**



દિવ્ય ભાસ્કર
sunday ભુજ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૧

# કુંભારિયાનો યુવક માનસિક રીતે સ્વસ્થ થતાં પરિવાર મિલન થયું



**સ્વસ્થ** બનેલા યુવકનું પરિવાર સાથે મિલન થતાં ખુશી વ્યાપી હતી- રમજુ છત્રા

## મુંબઈની સંસ્થાઓએ આપેલી એક મહિનાની સારવાર રંગ લાવી: મિલન સમયે ભાવવાહી દૃશ્યો

ભાસ્કર ન્યૂઝ. સામખિયાળી

મનોવૈજ્ઞાનિક તબીબો જેને સ્કિઝોફ્રેનિયા જેવી બિમારીનું નામ આપે છે તેવા લક્ષણોથી છેલ્લા સાત વર્ષથી ઘેરાઈ ગયેલા ભચાઉ તાલુકાના કુંભારિયાના ૩૨ વર્ષીય યુવકની વહારે આવેલી મુંબઈની શ્રદ્ધા રિહેબ ફાઉન્ડેશને સારવાર આપતાં માનસિક રીતે સ્વસ્થ થયેલા આ યુવકનું સાત વર્ષ બાદ પરિવાર સાથે મિલન થયું હતું.

રામા કાથડ હરિજનને દોઢેક માસ પૂર્વે સમાખિયાળી હાઈવે પર રખડતા-ભટકતા જોઈ તેને સંસ્થના કાર્યકરોએ મુંબઈમાં લઈ જઈ કર્જત ગામે આવેલાં આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવી હતી, સંસ્થાના જયદીપ મહેતા, વિજયભાઈ, હસમુખ શાહ સહિતના કાર્યકરો આ તકે ઉપસ્થિત રહ્યા હતા.

**GUJARAT**

**News**

**GUJARATI**

**JANMABHOOMI**

**JANUARY 2012**

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

જન્મભૂમિ

Janmabhoomi 4-1-2012 Mumbai



*ભચાઉ પંથકમાંથી એમ્બ્યુલન્સ દ્વારા સંસ્થામાં લઈ જવાતા માનસિક રોગીઓ પ્રથમ તસવીરમાં નજરે પડે છે, બીજી તસવીર કર્જલ સ્થિત સંસ્થાના સંકુલની છે.*

# પાગલોને થાળે પાડતો શ્રદ્ધાનો અનોખો યજ્ઞ

**કમલેશ ઠક્કર દ્વારા**

ભચાઉ, તા. ૩ : મંદબુદ્ધિ વ્યક્તિને લોકો ગાંડા સમજીને તરછોડતા હોય છે પરંતુ આવી વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ અને સમાનાભૂતિ દાખવી જો સહારો આપવામાં આવે તો આ વર્ગ પણ સમાજનું અંગ બની સ્વમાનભેર જીવી શકે છે.

**બાબા આમ્ટે સ્થાપિત મહારાષ્ટ્રની સંસ્થા માનસિક રોગીઓની હૂંફથી સારવાર કરી પરિજનો સાથે મિલન કરાવે છે**

આવું જ કામ મહારાષ્ટ્ર કર્જલ ખાતેની સમાજસેવી બાબા આમ્ટેની દોરવણી હેઠળ મેગ્સેસે એવોર્ડ વિજેતા તેમના પુત્ર પ્રકાશ આમ્ટેની રાહબરીમાં શ્રદ્ધા રેહેબિલિટેશન નામની સંસ્થા કરી રહી છે. જેનો અનુભવ તાજેતરમાં જ આ પંથકના લોકોને થયો હતો.

આ સંસ્થા દ્વારા પાગલ અને મંદબુદ્ધિ લોકોને એમ્બ્યુલન્સ મારફતે સંસ્થામાં લઇ જવાય છે અને ત્યાં મનોચિકિત્સકો દ્વારા સારવાર આપી સમાજમાં સ્વમાનભેર જીવવાને યોગ્ય બનાવવામમાં આવે છે. આ સંસ્થામાં વાગડના દયારામ નાગજી મહારાજ, હસમુખ લખમશી શાહ, જયેશભાઇ, વિક્રમભાઇ વિ. સક્રિય યોગદાન આપી રહ્યા છે.

તાજેતરમાં રાપર, સામખિયાળી અને ભચાઉમાં સંસ્થાના કાર્યકરોએ ગાંડાની શોધ માટે સ્થાનિક સેવાભાવી ઉમેદ શંભુભાઇ ઠક્કર વિગેરેનો સહયોગ લઇ અને શોધખોળ બાદ એમ્બ્યુલન્સમાં ભર્યા ત્યારે ગામમાં ટોળાં એકઠા થઇ ગયા હતા. રીઢા ગુનેગારને પકડવા પોલીસ જે કામગીરી કરે અને ઉધામા સર્જાય એવા જ દ્રશ્યો ખડાં થયાં હતાં. અલબત્ત આ દ્રશ્યો ક્ષણવારમાં હરખમાં પલટાઇ ગયા હતા. ભચાઉની રામવાડી વિસ્તારના એક તબીબના ઓટલેથી એક પાગલને પકડી અને ગાડીમાં ધકેલ્યો ત્યારે આસપાસના લોકો પણ ગળગળા થઇ ગયા હતા. કેબલ, ગોદડા, સડેલો થેલો, સુક્કું ભોજન આ બધું ત્યાં જ રહેવા દીધું અને એમ્બ્યુલન્સમાં મહામહેનતે બેસાડી દીધો. પળવારમાં રાપર-સામખિયાળીથી આવેલા અન્ય આઠ પાગલ- અર્ધપાગલ સાથે તેને સીટ મળી ગઇ, શાંત બની ગયો અને ગાડી શરૂ થતાંની સાથે જ તે સામાન્ય વર્તન કરવા લાગ્યો. હાઇવે પરની હોટેલમાં આ લોકોને પંજાબી ભોજન પીરસાયું, તેમની અદાથી તેમણે જઠરાગ્નિ શાંત કરી અને મહારાષ્ટ્ર તરફ ગાડી રવાના થઇ ગઇ.

આ અંગે દયારામ નાગજી મહારાજે જણાવ્યું કે માર્ગમાં આ લોકોની માવજત લેવી પડે છે અને સાથેના સ્વયંસેવકોએ મનોચિકિત્સક તરીકેની ભૂમિકા પણ ભજવવી પડતી હોય છે.

આ અગાઉ ગત તા. ૩૦/૧૦/૧૧ના પણ શ્રદ્ધા રિહેબિલિટેશન દ્વારા આડેસર, સામખિયાળી, કુંભારિયા, ગાગોદરથી સાતેક જેટલા અર્ધ પાગલ અવસ્થામાં લઘરવઘર ફરતા પુરુષોને સંસ્થા ખાતે લઇ જવાતાં સારવાર અસરકારક રહી અને તેમના પરિજનોને પહોંચાડાયા. આ કાર્ય માટે મુંબઇના મહેન્દ્ર દેવરાજ ગડા અને સામખિયાળીના ધીરજભાઇ તરફથી આર્થિક સહયોગ મળ્યો અને માનસિક સંતુલન સામાન્ય થતાં તેમના પરિવારજનો લેવા આવ્યા અને પુનઃ ઠીક થયાનો સંતોષ સંસ્થા-દાતા પરિવારે લીધો.

માર્ગ-ધોરીમાર્ગ પર ભટકતી, ગામના ખૂણે-ખાંચરે પડ્યા રહેતી આવી વ્યક્તિઓ અવસાન પામતી હોય છે. પરંતુ સ્થાનિક લોકોને સાથે રાખીને આ રીતે તેમને સંભાળી લેવા માટે આવતી આ સંસ્થાની લોકો સરાહના કરી રહ્યા છે.

રસ્તા પર રખડતા નિરાધાર માનસિક રોગીઓને ઘરે પહોંચાડતાં પૂર્વે તેની વ્યક્તિગત સ્વચ્છતા સફાઇ, કપડાં પહેરાવવા, તેનું કાઉન્સિલિંગ વિ. કામ શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન કરી રહ્યું છે. માનસિક રોગીઓની મનોવેદના સમજી હૂંફ સાથે સારવાર કરી સમાજ-પરિવાર સાથે મેળવવાનું કામ આ સંસ્થા કરી રહી છે. આ સંસ્થામાં રહેઠાણ, પ્રાર્થનાખંડ, ગૌશાળા, મનોરંજન, યોગ અભ્યાસ સારવાર કરાય છે. ૭ એકરમાં આવેલા આ સંકુલમાં પણ ૫૦ જેટલા મનોરોગીઓ એક સમયે રહી શકે તેવી વ્યવસ્થા છે.

**GUJARAT**

**News**

**GUJARATI**

**KACHCHH MITRA**

**JANUARY 2012**





*ભચાઉ પંથકમાંથી એમ્બ્યુલન્સ દ્વારા સંસ્થામાં લઈ જવાતા માનસિક રોગીઓ પ્રથમ તસવીરમાં નજરે પડે છે, બીજી તસવીર કર્જલ સ્થિત સંસ્થાના સંકુલની છે.*

# પાગલોને થાળે પાડતો શ્રદ્ધાનો અનોખો યજ્ઞ

**કમલેશ ઠક્કર દ્વારા**

ભચાઉ, તા. ૨ : મંદબુદ્ધિ વ્યક્તિને લોકો ગાંડા સમજીને તરછોડતા હોય છે પરંતુ આવી વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ અને સમાનાભૂતિ દાખવી જો સહારો આપવામાં આવે તો આ વર્ગ પણ સમાજનું અંગ બની સ્વમાનભેર જીવી શકે છે. આવું જ કામ મહારાષ્ટ્ર કર્જલ ખાતેની સમાજસેવી બાબા આમ્ટેની દોરવણી હેઠળ મેગ્સેસે એવોર્ડ વિજેતા તેમના પુત્ર પ્રકાશ આમ્ટેની રાહબરીમાં શ્રદ્ધા રેહેબિલિટેશન નામની સંસ્થા કરી રહી છે. જેનો અનુભવ તાજેતરમાં જ આ પંથકના લોકોને થયો હતો.

**બાબા આમ્ટે સ્થાપિત મહારાષ્ટ્રની સંસ્થા માનસિક રોગીઓની હૂંફથી સારવાર કરી પરિજનો સાથે મિલન કરાવે છે**

આ સંસ્થા દ્વારા પાગલ અને મંદબુદ્ધિ લોકોને એમ્બ્યુલન્સ મારફતે સંસ્થામાં લઈ જવાય છે અને ત્યાં મનોચિકિત્સકો દ્વારા સારવાર આપી સમાજમાં સ્વમાનભેર જીવવાને યોગ્ય બનાવવામમાં આવે છે. આ સંસ્થામાં વાગડના દયારામ નાગજી મહારાજ, હસમુખ લખમશી શાહ, જયેશભાઈ, વિક્રમભાઈ વિ. સક્રિય યોગદાન આપી રહ્યા છે.

તાજેતરમાં રાપર, સામખિયાળી અને ભચાઉમાં સંસ્થાના કાર્યકરોએ ગાંડાની શોધ માટે સ્થાનિક સેવાભાવી ઉમેદ શંભુભાઈ ઠક્કર વિગેરેનો સહયોગ લઈ અને શોધખોળ બાદ એમ્બ્યુલન્સમાં ભર્યા ત્યારે ગામમાં ટોળાં એકઠા થઈ ગયા હતા. રીઢા ગુનેગારને પકડવા પોલીસ જે કામગીરી કરે અને ઉધામા સર્જાય એવા જ દ્રશ્યો ખડાં થયાં હતાં. અલબત્ત આ દ્રશ્યો ક્ષણવારમાં હરખમાં પલટાઈ ગયા હતા. ભચાઉની રામવાડી વિસ્તારના એક તબીબના ઓટલેથી એક પાગલને પકડી અને ગાડીમાં ધકેલ્યો ત્યારે આસપાસના લોકો પણ ગળગળા થઈ ગયા હતા. કેબલ, ગોદડા, સડેલો થેલો, સુક્કું ભોજન આ બધું ત્યાં જ રહેવા દીધું અને એમ્બ્યુલન્સમાં મહામહેનતે બેસાડી દીધો. પળવારમાં રાપર-સામખિયાળીથી આવેલા અન્ય આઠ પાગલ- અર્ધપાગલ સાથે તેને સીટ મળી ગઈ, શાંત બની ગયો અને ગાડી શરૂ થતાંની સાથે જ તે સામાન્ય વર્તન કરવા લાગ્યો. હાઈવે પરની હોટેલમાં આ લોકોને પંજાબી ભોજન પીરસાયું, તેમની અદાથી તેમણે જઠરાગ્નિ શાંત કરી અને મહારાષ્ટ્ર તરફ ગાડી રવાના થઈ ગઈ.

આ અંગે દયારામ નાગજી મહારાજે જણાવ્યું કે માર્ગમાં આ લોકોની માવજત લેવી પડે છે અને સાથેના સ્વયંસેવકોએ મનોચિકિત્સક તરીકેની ભૂમિકા પણ ભજવવી પડતી હોય છે.

આ અગાઉ ગત તા. ૩૦/૧૦/૧૧ના પણ શ્રદ્ધા રિહેબિલિટેશન દ્વારા આડેસર, સામખિયાળી, કુંભારિયા, ગાગોદરથી સાતેક જેટલા અર્ધ પાગલ અવસ્થામાં લઘરવઘર ફરતા પુરુષોને સંસ્થા ખાતે લઈ જવાતાં સારવાર અસરકારક રહી અને તેમના પરિજનોને પહોંચાડાયા. આ કાર્ય માટે મુંબઈના મહેન્દ્ર દેવરાજ ગડા અને સામખિયાળીના ધીરજભાઈ તરફથી આર્થિક સહયોગ મળ્યો અને માનસિક સંતુલન સામાન્ય થતાં તેમના પરિવારજનો લેવા આવ્યા અને પુનઃ ઠીક થયાનો સંતોષ સંસ્થા-દાતા પરિવારે લીધો.

માર્ગ-ધોરીમાર્ગ પર ભટકતી, ગામના ખૂણે-ખાંચરે પડ્યા રહેતી આવી વ્યક્તિઓ અવસાન પામતી હોય છે. પરંતુ સ્થાનિક લોકોને સાથે રાખીને આ રીતે તેમને સંભાળી લેવા માટે આવતી આ સંસ્થાની લોકો સરાહના કરી રહ્યા છે.

રસ્તા પર રખડતા નિરાધાર માનસિક રોગીઓને ઘરે પહોંચાડતાં પૂર્વે તેની વ્યક્તિગત સ્વચ્છતા સફાઈ, કપડાં પહેરાવવા, તેનું કાઉન્સિલિંગ વિ. કામ શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન કરી રહ્યું છે. માનસિક રોગીઓની મનોવેદના સમજી હૂંફ સાથે સારવાર કરી સમાજ-પરિવાર સાથે મેળવવાનું કામ આ સંસ્થા કરી રહી છે. આ સંસ્થામાં રહેઠાણ, પ્રાર્થનાખંડ, ગૌશાળા, મનોરંજન, યોગ અભ્યાસ સારવાર કરાય છે. ૭ એકરમાં આવેલા આ સંકુલમાં પણ ૫૦ જેટલા મનોરોગીઓ એક સમયે રહી શકે તેવી વ્યવસ્થા છે.

# The female patient (sitting on the table) reunited post her recovery turned out to be the mother of an Orthopedic Surgeon (on extreme right) in Surat

**GUJARAT**
**News**

**GUJARATI**

**GUJARAT GUARDIAN**

**MARCH 2013**


શુક્રવાર તા. ૧ માર્ચ ૨૦૧૩ • પાનાં : ૧૬+૮ • કિંમત : ₹ ૩.૦૦ REG. NO. SRT 751 R.N.I.Reg. No. : GUJGUJ/2012/44686

VOICE OF THE PEOPLE

# ગુજરાત ગાર્ડિયન

• તંત્રી : જીવન બરવાળિયા • મેનેજિંગ તંત્રી : મનોજ મિસ્ત્રી • સંવત ૨૦૬૯ • મહા વદ- ૪ • વર્ષ : ૦૧ • અંક : ૨૨૩ www.gujaratguardian.in E-mail : editor@gujaratguardian.in

•ગાર્ડિયન હાઉસ, સુમનદેસાઈની વાડી, ઉધનાદરવાજા, રિંગરોડ, સુરત-૩૯૫૦૦૨•ફોન:૪૦૧૦૨૦૩, ૨૬૩૬૬૧૧/૧૨/૧૩.•ફેક્સ: (તંત્રી વિભાગ) ૨૬૩૬૬૧૦/(જા.ખ. વિભાગ) ૨૬૩૬૬૧૫


## સુરતના ડૉ. રૂપેશ ઘીવાળાના ૧૩ વર્ષ પહેલા ગુમ થયેલાં માતાનું પરિવાર સાથે પુનઃ સુખદ મિલન

સુરત, તા. ૨૮
‘સાહેબ, સાવ સાચું કહું, પ્રારંભે અમે અમારી માતાને શોધવા ભારે દોડધામ કરી, છેક વીરમગામ સુધી લાંબા થયા, પણ અમને માતાને શોધવામાં નિષ્ફળતા સાંપડતા આખરે અમે અમારી માતાનું મૃત્યુ થઈ ગયું હોવાનું માની લીધું હતું. અમને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે અમારી માતા જીવીત છે. આખરે ૧૩ વર્ષ બાદ અમારી માતાનો અમને સુખદ ભેટો થયો ત્યારે અમારા ચારેય ભાઈઓ અને પરિવારજનોની આંખો હર્ષાશ્રુથી ઉભરાઈ ગઈ હતી’- આ શબ્દો છે ૧૩ વર્ષ બાદ માતા સાથે મિલન કરનારા પુત્ર ઓર્થોપેડિક સર્જન ડૉ. રૂપેશ ઘીવાળાના.

વાત છે ૨૦૦૦ના વર્ષની. તે વખતે (તા. ૧૧/૧૨/૨૦૦૦ના રોજ) પદ્માબહેન ચંદુભાઈ ઘાવાળાની



(તસવીરઃ પ્રદિપ ગોહીલ)

• અનુસંધાન પાના ૨ પર

### પરિવારે માતા મૃત્યુ પામ્યાનું માની લીધુ હતુંઃ શિક્ષિકા પદ્માબેન ચેન્નાઈ પહોંચી ગયાં હતાંઃ પરંતુ ‘હેલ્પિંગ હેન્ડ’ નામની સંસ્થાએ સાચવી લીધાં હતાં

**સુરતના ડૉ. રૂપેશ ઘીવાળાના...**

ઉમર ૫૦ વર્ષની હતી. અને તે શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. માનસિક બિમારીના કારણે તે ગુમ થઈ ગયાં હતાં. તે વખતે તેમના પરિવારજનોએ કતારગામ પોલીસ મથકમાં તે ગુમ થયાની જાણ પણ કરી હતી. ૨૦૦૦ના વર્ષમાં ગુમ થયા તે વખતે કામરેજ, સચિન, વીરમગામ સહિતના વિવિધ વિસ્તારોમાંથી ખોટા ફોન ખૂબ આવ્યા હતા. ઘીવાળા પરિવાર છેક વીરમગામ સુધી લાંબો થયો હતો. એકાદ-બે વર્ષની સતત અને સખત મહેનતના અંતે પણ માતા પદ્માબહેનની ભાળ ન મળતા આખરે તે મૃત્યુ પામ્યા હશે તેવું તેમના ચાર પુત્રો અને પરિવારજનોએ માની લીધું.

બીજી બાજુ બન્યું એવું કે પદ્માબહેન સુરતથી ગુમ થયા બાદ છેક ચેન્નઈ પહોંચી ગયા હતા. જ્યાં હેલ્પિંગ ઈન હેન્ડ નામની સામાજિક સંસ્થાના સંપર્કમાં પદ્માબહેન આવી ગયાં. ત્યાં પદ્માબહેને ગુજરાતીમાં વાત કરી હતી. પરિણામે આ સંસ્થા મુંબઈના બોરીવલી વિસ્તારમાં કાર્યરત રીહેબિલીટેરિશન ફાઉન્ડેશ નામની સંસ્થાના સંપર્કમાં હોવાથી પદ્માબહેનને આ સંસ્થાને સોંપી દીધા. જેથી હવે પદ્માપહેન ચેન્નાઇના બદલે મુંબઈના બોરીવલી વિસ્તારમાં આ સંસ્થામાં રહેવા લાગ્યા હતા. આ સંસ્થામાં વડોદરાના ઉપાસનાબહેન પણ ફરજ બજાવતા હતા. પદ્માબહેન સુરતની લિંબુશેરીનું રટણ કરતા હતા. જેના આધારે ઉપાસનાબહેને સુરતમાં આવી મહિધરપુરા પોલીસનો સંપર્ક કર્યો હતો. પદ્માબહેન પોતાના પુત્રનું નામ રૂપેશ હોવાનું પણ કહેતા હતા. જેથી મહિધરપુરા પોલીસે મથકના હેડ કોન્સ્ટેબલ જશવંત પટેલ અને તેમની ટીમે લિંબુશેરીમાં રહેતા તમામ રૂપેશભાઈનો સંપર્ક કર્યો હતો. જેમાંથી ડૉ. રૂપેશ ઘીવાળાએ પોતાનાં માતા ૧૩ વર્ષ પુર્વે ગુમ થયા હોવાની વાત કરી હતી. એ સાથે જ ઉપાસનાબહેન પાસે રહેલી પદ્માબહેનની તસવીર બતાવવામાં આવી હતી. ડૉ. રૂપેશ ઘીવાળાએ આ પોતાની માતની જ તસવીર હોવાનું કહ્યું હતું. આ રીતે ૧૩ વર્ષ બાદ ચાર પુત્રોને પોતાની માતાનો મેળાપ થયો હતો.

આ બાબતે ડૉ. રૂપેશ ઘીવાળાનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે, “ગુમ થયા ત્યારે ૫૦ વર્ષની વય હતી. વળી, માનસિક હાલત ત્યારે પણ થોડી અસ્વસ્થ હતી. ગુમ થયાના એકાદ બે વર્ષ સુધી અમે તેમને શોધવા ભારે મહેનત કરી હતી. આમ છતાં ભાળ ન મળતા અમે ચારેય ભાઈઓએ માનસિક રીતે નક્કી કરી લીધું હતું કે હવે અમારી માતા મૃત્યુ પામ્યા હશે. આ રીતે માની લીધા બાદ શોધખોળ બંધ કરી દીધી હતી. અમને ચારેય ભાઈઓને કે પરિવારજનોને એવો સ્વપ્નેય ખ્યાલ ન હતો કે અમારા માતુશ્રી આ રીતે જીવતા હશે અને ૧૩ વર્ષ બાદ પુનઃ મિલન થશે. આ રીતે અમારી માતાને અમારા સુધી પહોંચાડવામાં મદદરૂપ બનેલી ચેન્નઈ અને મુંબઈની બન્ને સંસ્થાના સેવાભાવી સજ્જનો પ્રતિ અમારો પરિવાર આભારની લાગણી વ્યક્ત કરે છે.”

**GUJARAT**
**News**

**GUJARATI**

**MID - DAY**
**Mumbai**

**APRIL 2013**

100% ચટાકો
# મિડ-ડે
Jagran મુંબઈ, રવિવાર, ૧૪ એપ્રિલ ૨૦૧૩, ₹ ૫.૦૦
સન્ડે સ્પેશ્યલ
૧૬ પાનાં + ૨૦ પાનાં sunday સરતાજનાં
A JAGRAN INITIATIVE Postal Registration No. MH/MR/WEST/67/2012-2014
website : www.gujaratimidday.com

# ભટકી ગયેલા ઈરાનીને ગુજરાતી બિઝનેસમૅને સાચી રાહ બતાવી

**કિશોરાવસ્થામાં જ બૉલીવુડથી અંજાઈને પૈસા ભેગા કરીને ગયા વર્ષે ભારત આવી ગયેલો યુવાન ચેમ્બુરના અજય શાહને માનસિક રીતે અસ્વસ્થ હોવા છતાં અસામાન્ય લાગ્યો એટલે સાઇકિયાટ્રિસ્ટની મદદ લઈને તેની સારવાર કરાવી: સ્વસ્થ થતાં માનવતાનાં સંસ્મરણો સાથે પોતાના સુશિક્ષિત પરિવાર પાસે પાછો સ્વદેશ જવા માટે તૈયાર થયો**




**માનવતાનો અનુભવ :** સુધાર કેન્દ્રમાં સારવાર લીધા બાદ સેયેદ મોહસેન મિરજલિલી (જમણે) આ રીતે ચિત્રો દોરીને વાતો સમજાવવાનો પ્રયાસ કરતો હતો.

**શૈલેશ ભાટિયા**
મુંબઈ, તા. ૧૪

લગભગ સાડાત્રણ મહિના અગાઉ ચેમ્બુરની ફૂટપાથ પરથી ભૂખ્યો-તરસ્યો અને ભિક્ષુક જેવો અને માનસિક રીતે અસ્થિર જણાતો ૨૫ વર્ષથી વધુ વયનો એક યુવક મળી આવ્યો હતો. એક ગુજરાતી બિઝનેસમેન અને કેટલાંક સેવાભાવી મુંબઈગરાઓએ તેને આવી સ્થિતિમાંથી બહાર લાવવાના પ્રયત્નો કર્યા હતા જે આજે રંગ લાવ્યા છે. માનવતા હજી ધબકી રહી છે એના જીવતાજાગતા ઉદાહરણરૂપ આ યુવક ખરેખર તો ઈરાનનો છે અને ટૂંક સમયમાં તે પોતાના સુશિક્ષિત પરિવારજનો પાસે સ્વદેશ પાછો ફરશે. આજે સ્વસ્થ ચિત્તે વાતચીત કરતાં સેયેદ મોહસેન મિરજલિલી સાથે 'મિડ-ડે'એ ગઈ કાલે વાતચીત કરી એ મુંબઈની માનવતાની સાચી ઓળખ છે.

સેયેદે કહ્યું હતું કે 'હું મારી કિશોરવયથી જ ભારત અને ભારતીય સંસ્કૃતિથી ઘણો પ્રભાવિત રહ્યો છું. મારી ઇચ્છા ભારતીયોને મળવાની હતી અને હું હંમેશાં અમિતાભ બચ્ચન, સલમાન ખાન અને શાહરુખ ખાનની ફિલ્મો પણ જોતો હતો. સદ્ભાગ્યે મને ભારતમાં કોઈ ખરાબ વ્યક્તિનો ભેટો નથી થયો. મારા યાઝ્ડ (ઈરાનના એક શહેર) ખાતેના સિરૅમિકના

અનુસંધાન ચોથે પાને »



## ઈરાનીને ગુજરાતીએ રાહ બતાવી

પહેલે પાનેથી ચાલુ

બિઝનેસમાંથી થોડા પૈસા એકઠા થયા એટલે મેં ભારત આવવાનું નક્કી કર્યું અને ૨૦૧૨ની ૨૫ જાન્યુઆરીએ ઈરાનથી વાયા દુબઈ મુંબઈ સુધી વિમાનમાં આવ્યો હતો (આ સંબંધી હકીકતો ઈરાનની એમ્બેસીમાંથી કન્ફર્મ થઈ હતી). સેયેદે કહ્યું હતું કે 'હું ગોવા અને દક્ષિણ ભારતમાં ફર્યો હતો અને ત્યાંથી પાછો ફરતી વખતે શું થયું એ મને યાદ નથી, પરંતુ આજે હું આ સુધારગૃહમાં છું એટલું જાણું છું.'

આ યુવકને જ્યાં સારવાર અપાઈ હતી એ શ્રદ્ધા સુધારગૃહનાં સ્વયંસેવિકા ઉપાસના દર્યાનાનીએ કહ્યું હતું કે 'તેણે માનસિક હાલત સારી થતાં અમને જણાવ્યું હતું કે મારું લગ્નજીવન બે વર્ષમાં પડી ભાંગ્યું હતું અને મને બે વર્ષની એક પુત્રી છે. મારા પરિવારમાં માતા-પિતા અને બે ભાઈઓ છે. મારો એક નાનો ભાઈ કમ્પ્યુટરનો પ્રોફેસર છે. મારા પિતા ત્યાંના જાણીતા ધર્મગુરુ છે. આજે સેયેદ પોતાના ઘરે જવા થનગની રહ્યો છે અને ભારતમાં તેને માનવતાના જે અનુભવ મળ્યા એ બદલ આપણો આભાર વ્યક્ત કરી રહ્યો છે.'

જોકે ચેમ્બુરની ફૂટપાથ સુધી તે કઈ રીતે પહોંચી ગયો એ હજી સસ્પેન્સ જ છે, પરંતુ ત્યાં તેને રોજ સવારે ચાલવા નીકળતા ગુજરાતી બિઝનેસમેન અજય શાહે આ વર્ષે જાન્યુઆરીમાં જોયો હતો. શાહે વાતનો દોર સાધતાં કહ્યું હતું કે 'બે-ચાર દિવસથી હું જોતો હતો કે આ અસામાન્ય યુવક માનસિક રીતે અસ્થિર છે અને તે સારા ઘરનો દેખાતો હતો. તે કોઈ પાસે કાંઈ માગતો નહોતો, પરંતુ કોઈ કશું ખાવાનું આપે તો લઈ લેતો હતો. મેં બોરીવલીમાં રહેતા મારા એક ઓળખીતા સાઈકિયાટ્રિસ્ટ ડૉ. ભરત વટવાણીનો સંપર્ક કરી તેમને આ યુવક વિશે જણાવ્યું હતું.'

આ ડૉક્ટરને ૧૯ જાન્યુઆરીએ શ્રદ્ધા સેન્ટરમાં બોલાવાયા હતા અને તેમણે આ યુવકનો અભ્યાસ કરીને તે સારા ઘરનો હોવાનું પ્રાથમિક નિદાન કર્યું હતું. જોકે તેની ભાષા અને વાતચીત કરવાની ઢબથી તે વિદેશી હોવાનું ડૉક્ટરને સમજાયું હતું, પરંતુ તે પોતાની ઓળખ આપી શકે એટલો સ્વસ્થ નહોતો. તે સ્કિઝોફ્રેનિયાનો દરદી હોવાનું અને તેને કારણે મેન્ટલ ટ્રોમામાં હોવાનું જણાયું હતું.

તેની સારી રીતે સારવાર થઈ, કપડાં બદલાયાં અને પોષણક્ષમ આહાર મળતાં તે ફરીથી સ્વસ્થ થયો અને આજે તે સ્વદેશ જવા તૈયાર છે, પરંતુ તે સ્વસ્થ થતો હતો ત્યારે કેટલીક વાર ચિત્રો દોરીને પોતાની વાત કરવાનો પ્રયત્ન કરતો રહેતો હતો. એક દિવસ અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તેણે અચાનક અંગ્રેજી અને ફારસી ભાષામાં કડકડાટ બોલવાનું શરૂ કર્યું હતું.

સેયેદને પોતાના ઘરે પાછો મોકલી આપવા આ ડૉક્ટરે જ ફૉરેનર્સ રીજનલ રજિસ્ટ્રેશન ઑફિસનો સંપર્ક કર્યો હતો. આ ઑફિસના ડેપ્યુટી પોલીસ-કમિશનર અશ્વતી દોરજેએ દિલ્હી સુધીની જે પ્રક્રિયા કરવામાં મહિનો લાગે એ પ્રક્રિયા સ્થાનિક સ્તરે જ કરી આપી હતી. આ ઑફિસના અધિકારીઓના જણાવ્યા મુજબ સેયેદની બધી ડીટેલથી પોલીસ ઈરાનમાં તેના ઘર સુધી સંપર્ક કરી શકી હતી અને અચાનક પુત્રની ખબર મળતાં તેઓ ખુશ થઈ ગયા હતા.

**GUJARAT**

**News**

**GUJARATI**

**JANMABHOOMI PRAVASI – PART 2**

**AUGUST 2013**

|| जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ||

http://www.janmabhoominewspapers.com
I-Pad :http://www.usindia.com/e/Janmabhoomipravesi.html

# જન્મભૂમિ પ્રવાસી

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન Date : 18-8-2013 • Sunday • Mumbai

(ગયા હપ્તાથી ચાલુ)

# ખોવાયાને ખોળવા પ્રભુએ નયન દીધાં તમને ?

બાબા આમટેની આંસુભીની આંખોમાંથી જે ભાવ ટપકતો હતો તેને હૃદયમાં સ્થાપીને ડૉક્ટર વાટવાણી મુંબઇ પાછા ફર્યા, ટ્રસ્ટીઓની મીટિંગ બોલાવી અને પછી જે થયું તે આ મુંબઈથી સો કિલોમીટર દૂર કરજતની બોર્ડર પર જમીનનો એક વિશાળ પ્લોટ ખરીદ કરીને જરૂરી બાંધકામ સંપન્ન કરીને શ્રધ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનનું કામકાજ શરૂ કર્યું.

આપણે જેને ગાંડા, પાગલ, ચક્રમ, મગજમેડ, ચસ્કેલ કહીને સંબોધીએ છીએ અને આપણા ઘરમાં હોય અને બહુ ઉપદ્રવ કરતા હોય તો દોરડાથી બાંધી દઇએ છીએ, રસ્તામાં રઝળતા મૂકી દઇએ છીએ કે એ જાતે જ નાસી જઇને રસ્તે ભટકતા થઇ જાય છે, ગુમશુદા થઇ જાય છે તેઓ માટે ''ગાંડા'' કે એવાં વિશેષણો સાચા નથી, તે લોકો ઓછી-વત્તી માત્રાના મનોરોગી છે. એ રોગનું તબીબી નામ સ્કિઝોફ્રેનિઆ (Schizophrenia) છે. તે સૌમ્ય (માઇલ્ડ) કે તીવ્ર (સિવિયર) લેવલનો હોઇ શકે. ઘણીવાર તો એનો દર્દી બુદ્ધિશાળી હોય અને સામાન્ય સંજોગોમાં સમધારણ રીતે વર્તતો હોય. બીજા સૌમ્ય અને તીવ્ર મળીને ભારતભરમાં આવા પાંચ કરોડ લોકો છે, તેમાંના ૮૦ ટકા દર્દીઓને એની કોઇ સારવાર મળતી નથી, કારણ કે હાલ મનોવિશેષજ્ઞોનું પ્રમાણ દસ લાખની વસ્તીએ માત્ર ત્રણનું જ છે. સરકારના કુલ બજેટના માત્ર એક ટકા જેટલી જ રકમ માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્ર માટે ફાળવવામાં આવે છે. એને માટેનાં દવાખાનાં પણ જૂજ છે. પરિવારમાં હતા ત્યારે જેમની ઉપેક્ષા અને અવમાન થતાં હતાં તેવા આ મનોરોગીઓ ઘર છોડીને બીનપત્તે થયા તેમની શોધ ચાલે છે, તેમના માટે ઝુરાપો શરૂ થઇ જાય છે. નદી, નાળાં કૂવા-તળાવ. અરે, શબઘરો સુધ્ધાંમાં તેમની તલાશ થાય છે. ક્યારેક એમને મરી ગયેલા માનીને ઘરમાં તેમના ફોટા પર હાર ઝૂલવા માંડે છે.

આ સ્થિતિ નિવારવાનું કામ આમ તો દેશભરમાં બહોળા, અતિવ્યાપક પાયે થવું જોઇએ. પરિવારોએ પોતે આવા મનોરોગી પોતાનાં ઘરમાં કે વર્તુળમાં હોય તો એમના વિષે એક રોગી તરીકેના દૃષ્ટિકોણથી વિચારીને જાગૃત થવું જોઇએ. એમને સહાનુભૂતિ અને સારવાર બન્ને આપવાના છે, નહીં કે ઉપેક્ષા અને હડકારા. મનને સ્થિરવિચાર રાખીને આટલું કરવામાં આવશે તો રખડતા-ભટકતા અને ઘરથી વિછોડાયેલા મનોરોગીઓની સંખ્યા ઘટી જશે. આવી જાગૃતિ ફેલાવનારી સંસ્થાઓ કેટલીક દરેક શહેરમાં છે. અમદાવાદમાં પણ સમવેદના ફાઉન્ડેશન વિખ્યાત મનોવિશેષજ્ઞ પિતા-પુત્ર ડૉ. મૃગેશ વૈશ્નવ અને ડો પાર્થ વૈશ્નવની રાહબરી નીચે સરસ કામ કરે છે, પરંતુ ઘરથી સાવ લાપત્તા થઇને શેરી-ગલીમાં ભટકતા અને લોક દ્વારા હાડ-હાડ થતા આવા માનવજીવોને વીણી-વીણીને પોતાની સંસ્થામાં લાવીને તેમની સારવાર, સહાનૂભુતિ અને થેરપી દ્વારા નોર્મલ (અથવા લગભગ નોર્મલ) બનાવીને દેશ-વિદેશ જ્યાં એમનો પરિવાર હોય ત્યાં પોતાના કાર્યકરો સાથે પહોંચાડનારી કદાચ દેશની એકમાત્ર ઑર્ગેનાઇઝ્ડ સંસ્થા શ્રધ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન, કરજતની શી સ્થિતિ છે ?



શબ્દવેધ

રજનીકુમાર પંડ્યા

email:rajnikumarp@gmail.com

દહિસરથી ૨૦૦૬માં કરજત પોતાના વિશાળ કેમ્પસમાં આવી તો ખરી અને આ લખાય છે ત્યાં સુધીમાં એણે ચોવીસસોથી ઉપર આવા ભટકતા અને ગમે ત્યાં સબડ્યા કરતા મનોરોગીઓને ઊંચકીને અહિં લાવવાનું દુષ્કર કામ કર્યું છે. અહીં લાવીને એમને સાચવ્યા છે. તેમની નાની-મોટી શારીરિક બીમારીઓનો ઇલાજ કર્યો છે, તેમને દવા પણ સ્વજન પાય તે રીતે ચીવટથી નિયમિત આપી છે. કાઉન્સેલિંગ કર્યું છે અને જરા સારા થાય કે તેમને પ્રેમથી ખેતી કે શાકભાજી વાવવા જેવી પ્રવૃત્તિમાં જોતર્યા છે. ધીરજપૂર્વકની સારવારને લીધે તેમનામાં સભાનતા અને સ્વમાનનો સંચાર કર્યો છે અને જ્યારે એમ લાગે કે તે હવે સ્વસ્થ છે ત્યારે તેની પાસેથી જ તેના ઘરની ભાળ મેળવીને એને એના પરિવારમાં પાછા સેટ કર્યા છે. ચોવીસસો જેટલા અહીં લવાયેલામાંથી સારવારને લીધે આજ સુધીમાં ૧૯૦૦ જેટલા મનોરોગીઓને એ રીતે પોતાના પરિવાર સાથે ભેટો કરાવી દીધો છે. એમાં ઇરાનનો સૈયદ મોહસીન પણ છે, જે મુંબઇના ચેમ્બુરના છેડાનગરમાં રખડતો-ભટકતો મળી આવેલો. ફેબ્રુઆરી, ૨૦૧૩માં એને એના ઇરાનના ઘર સુધી પહોંચાડવા માટે પાસપોર્ટ, વિઝાથી માંડીને ટિકિટની જોગવાઇ ઉપરાંત ઇરાનના ભારત ખાતેના કોન્સ્યુલેટ અને મુંબઇના પોલિસ ડિપાર્ટમેન્ટ સાથે કાયદાકીય ગોઠવણ કરવી પડેલી. બાંગ્લાદેશના બે અને નેપાળના નવ દર્દીઓને, આંદામાનના પણ એક મનોરોગીને, મહારાષ્ટ્રના ૪૪૨, ગુજરાતના ૫૬, ઉત્તર પ્રદેશના ૨૨૬ અને પશ્ચિમ બંગાળના ૬૪ દર્દીઓ ઉપરાંત ભારતના એકેએક પ્રાંતના ઓછા-વધતા દર્દીઓને ગણીને ૨૦૧૨ના અંત સુધીમાં આંકડો ૧૬૩૫ પહોંચ્યો તો આ ૨૦૧૩ના જાન્યુઆરીથી જૂન સુધીના બીજા ૨૬૬. આ એકેએક દર્દીનો પોતાના પરિવાર સાથે મેળાપ એટલે એક એક પત્થરને પણ પીગળાવી દે તેવી વાર્તા !

આ બધું કરજતના કેન્દ્રમાંથી થઇ રહ્યું છે, પણ બહુ ઓછા આ સંસ્થાની પીડને જાણે છે. આ ખર્ચ કેટલો બધો ? સરકારી સહાય તો કોઇ મળતી જ નથી. ભારતની કોઇ પણ મેન્ટલ હૉસ્પિટલ દર્દીઓને સ્વસ્થાને પહોંચાડવાની વ્યવસ્થા ધરાવતી નથી. એ લોકો આ શ્રધ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનને જ એ માટે યાદ કરે છે. આ લખનારને બરાબર યાદ છે કે હજુ માર્ચ માસમાં જ અમદાવાદની સરકારી મેન્ટલ હૉસ્પિટલના સેવાભાવી ડૉ. અજય ચૌહાણે આ ફાઉન્ડેશનને પત્ર લખીને બાવીસ જેટલા દર્દીઓને અમદાવાદથી લઇ જઇને તેમને ઘેર પહોંચાડવાની લેખિત વિનંતી કરી. ડૉ. ભરત વાટવાણી પોતાના સામાજિક કાર્યકરો અને એક ડૉક્ટર વહેલી સવારે કરજતથી નીકળીને સવા છસો કિલોમીટરનું અંતર કાપીને અમદાવાદ બપોરે પહોંચ્યા અને બે કલાકમાં બધી વિધિ પતાવીને પાછા કરજત જવા નીકળી ગયા. કારમા તાપમાં એસી વગરની ખખડધજ એમ્બ્યુલન્સમાં જતા- આવતા રસ્તામાં એ લોકોએ પોતે અને વળતા આ દર્દીઓના કાફલા સાથે સૌએ પેટમાં શું નાખ્યું હશે તેની તો કલ્પના જ કરવી રહી, પણ એક વસ્તુએ કલ્પના નહિ, પણ કઠોર સત્યનો પરિચય કરાવી દીધો કે આ લોકો આટલાં વરસોથી દેશના ખૂણે ખૂણે જઇને દરદીઓને એમનાં ઘેર પાછા પહોંચાડવાની કપરી કામગીરી બજાવે છે, પણ એમની પાસે વીસ-બાવીસ વ્યક્તિઓ સમાઇ શકે એવી એક પણ વાન નથી ! અરે, એમ્બ્યુલન્સ સિવાય કોઇ વાહન જ નથી ! એમ્બ્યુલન્સમાં વીસ- બાવીસ જણ કરજતથી અમદાવાદ કે દેશના વિવિધ ભાગ સુધીનું અંતર કે જેમાં ખૂણે આવેલા કોઇ અંતરિયાળ ગામડાં પણ હોય, તેનું અંતર કેવી રીતે કાપી શકે? આઠેક લાખની વાન કોઇ સીધેસીધી લઇ આપે તો આ મોટી આપદા ટળે.

પણ આ એક જ જરૂરત નથી. આજની તારીખે પણ સિત્તેર જેટલા દર્દીઓ છે. એમને ખાવા-પીવાનું, કપડાં ને ખાસ તો નિયમિત દવા અને પીવડાવવા માટે પણ તાલીમી કર્મચારીઓ જોઇએ. દેશના વિવિધ ભાગોમાં ફરી ફરીને આ દર્દીઓનું પુનર્વસન કરાવવાનું હોય એટલે વિવિધભાષી ક્વોલિફાઇડ કર્મચારીઓને સામાજિક કાર્યકરો તરીકે ભરતી કર્યા છે..

મૂળ સોતા ઉખડીને દૂરના અજાણ્યા સ્થળે જઇને પડેલા માનવવૃક્ષને ફરી તેની જ મૂળ ભૂમિમાં રોપી આપવાનું અનોખું કામ કરતી ભારતની આ એક માત્ર સંસ્થા શ્રધ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનને અપાતું દાન આવકવેરાની કલમ ૮૦-જી અને ૩૫-એ.સી. અન્વયે ૧૦૦ ટકા કરમુક્તિની જોગવાઇ ધરાવે છે. વિદેશોથી દાન મેળવવાની મંજૂરી પણ મળી ગઇ છે. સંસ્થાની પોતાની વેબસાઇટ છે -www.shraddharehabilitationfondation.org ઇ મેલ-svatwani@hotmail.com અને shraddha_karjatyahoo.com

સંપર્ક- Shraddha, VangaonVillage, two kms from Karjat Station, KARJAT. Tel- ૦૨૧૪૮-૨૦૨૭૪૧ -૦૯૯૨૩૦ ૭૬૯૪૭. મુંબઇ સંપર્ક : શ્રધ્ધા માનસરોવર, એસ્કે ક્લબની સામે, ઓફ ન્યૂ લિંક રોડ, બોરિવલી-વેસ્ટ, મુંબઇ-૪૦૦૧૦૩. ફોન : ૨૨-૨૮૯૫ ૫૦૨૦ અને મોબાઇલ : ૦૯૮૨૦૪૨૨૨૦૪ અને ૦૯૩૨૩૮ ૫૨૬૫૬.

લેખક સંપર્ક : ડી-૮, રાજદ્વીપ પાર્ક, મીરા ચાર રસ્તા, બલિયાકાકા માર્ગ, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૨૮. ફોન : ૦૭૯-૨૫૩૨ ૩૭૧૧. મોબાઇલ : +૯૧ ૯૮૯૮૦૧૫૫૪૫.





GUJARAT

News

GUJARATI

RAYAAN

SEPTEMBER 2013


રેયાણ

Dhanraj Group

આજ કાલ

તા. ૮-૯-૨૦૧૩
રવિવાર


## વિખૂટા પડી ગયેલાને પરિવાર સાથે મિલન કરાવનાર દંપતી

# ડૉ. ભરત અને ડૉ. સ્મિતા વાટવાણી



'ખુશીયા ચંદનકી તરહ હોતી હૈ
દુસરે કે માથે પર લગાઓ તો
અપની ઉંગલીયા ભી મહેંક ઉઠતી હૈ'

જગતનો હર જીવ ખુદનું ભલું ઈચ્છે છે, ખુદની ખુશી શોધ્યા કરે છે. પણ અમુક સેવાભાવી લોકો અન્યની ખુશી પાછળ પોતાના તન-મન-ધન ન્યોછાવર કરી દેતા જરાય પણ અચકાતા નથી. આવા લોકો બહું ઓછા હશે, પણ જે છે એમનું આવું સદકાર્ય ખરેખર બિરદાવવાલાયક હોય છે. આજે લોકો પાસે પોતાના સ્વજન માટે સમય નથી, ત્યારે અમુક લોકો એવા લોકોય છે જેઓ અન્યના સ્વજન પાછળ પોતાની જાત ઘસી નાખે છે.

પતિ-પત્નિ એક રેસ્ટોરન્ટમાં લંચ કરી રહયા હતા કે અચાનક એમનું ધ્યાન સામેની ફૂટપાથ પર ગયું ને તેઓ દંગ રહી ગયા. જોતા જ સૂગ ચડે એટલે હદે ગંદી, લગરવઘર મેલા ફાટેલા કંપડા, વર્ષોથી દાંતિયો સાબુ કે પાણી ન અડાડયું હોય એવા વાળ અને વધી ગયેલા દાઢીમૂછ ...આ ચીંથરેહાલ માણસે તેની બાજુમાં પડેલા એક ખાલી નાળિયેર વડે ફૂટપાથને અડીને વહી રહેલી ગટરમાંથી ઉલેચીને પાણી ભર્યું અને એક ઘૂંડટે એવું ગંદુ પાણી પી ગયો. પશુ પણ જેને હોંઠે ન અડાડે એવું દૂર્ગંધ મારતું એ પાણી આ માણસ પી રહયો હતો. પેલા દંપતિ ને અરેરાટી થઈ ગઈ. ભોજનની થાળીને પ્રણામ કરી દૂર ખસેડી એક પળનોય વિલંબ કર્યા વગર બંને રસ્તો ઓળંગીને ફૂટપાથ પર પહોંચ્યા. જેને જોઈને જ સુગ ચડે એવા ગંધાતા ઈન્સાનને એમણે બાવડું પકડીને ઉભો કર્યો અને પોતાની ગાડીમાં બેસાડી પોતાના નર્સીંગ હોમમાં લઈ આવ્યા. એ દંપતિ એટલે મુંબઈની નજીકના કરજતમાં આવેલા હાલતા 'શ્રદ્ધા' રિહેબિલિટેશન ફાઉન્ડેશન'ના સ્થાપક ડૉ.ભરત વાટવાણી અને ડૉ.સ્મિતા વાટવાણી. પોતાનું સમગ્ર ધ્યાન એ વ્યકિત પર કેન્દ્રિત કરી આ દંપતિએ તેની સારવાર શરૂ કરી. થોડા દિવસ પછી એ યુવાનલગભગ સામાન્ય સ્થિતિમાં આવી ગયો ત્યારે તેની પાસેથી એ જાણીને આ દંપતિને ખૂબ આશ્ચર્ય થયું કે એ યુવાન સાયન્સ ગ્રેજયુએટ છે અને તેના પિતા આંધ્રપ્રદેશની એક જિલ્લા પંચાયતમાં બહુ ઊંચો હોદો ધરાવે છે. તેનું માનસિક લેવલ નોર્મલ થતાં તેને ઘર અને પરીવારનો યાદ આવતા હતા. એ ડોકટર દંપતિએ પોતાના ખર્ચે તેને ગામ જઈને તેને તેના પરિવાર સાથે ભેટો કરાવ્યો. વિચાર તો કરો, વર્ષોથી વિખુટા પડી ગયેલા અમ્રજનોના આ પ્રેમાળ પુનર્મિલાપનું દશ્ય કેવું હશે! ભલભલાના હ્રદયને પીગળાવી દે એવું આ દશ્ય જોતા જ દંપતિએ તત્ક્ષણે જ નિર્ણય કર્યો કે જીવનમાં ખરૂ કરવા જેવું કામ તો આ જ છે. અને બસ પછી તો એમના જીવને જાણે એક નવી રાહ મળી ગઈ. આવા રખડતા ભટકતા મનોરોગીઓને વીણી વીણીને પોતાના નર્સીંગ હોમમાં લઈ આવવા અને શક્ય એટલા સાજા કરવા એટલું જ પૂરતું નથી,

**મળવા જેવા માણસ**

**વંદિતા રાજ્યગુરૂ દવે**

dave.vandita@yahoo.in M.9727032753

પણ એમને એમના વિખુટા પડી ગયેલા સ્વજંનો સાથે ફરી મેળવી આપવા એ જ એમના જીવનનો ઉદેશ્ય બની ગયો.

આપણા દેશમાં મનોરોગની હોસ્પિટલો તો ઘણી જ હશે પણ આવા રખડતા ભટકતા મનોરોગીઓ કે જેમને સૌ ગાંડા કહી સંબોધે છે હડધૂત કરે છે એમને શોધી લાવવા, દિન રાત સેવા દવા કરી સાજા કરવા અને એના પરિવાર પાસે પહોંચાડવા આવા હોસ્પીટલ કે સંસ્થા કોઈ જ નથી. આજથી પચ્ચીસ વર્ષ પહેલા ઈ.સ.૧૯૮૮ માં બનેલી આ ઘટના શ્રદ્ધા રિહેબિલીટેશન ફાઉન્ડેશનની સ્થાપનાના મૂળ માં છે. આજ સુધીમાં આપણા દેશના અનેક રાજયો ઉપરાંત ઈરાન, બાંગ્લાદેશ, નેપાળ અને આંદમાન નિકોબાર સહિતના અઢારસો ઉપરાંત મનોરોગીઓને સાજા કરી એમના ઘરે પહોંચાડવામા આવ્યા છે. આજે પણ અહી ૬૫ જેટલા મનોરોગીઓના ઈલાજની પ્રક્રિયા ચાલું જ છે. સારવાર લઈ સાજા થયા બાદ એમને પણ એમના પરિવાર પાસે પહોંચાડવામા આવશે. આ સદપ્રવૃતિની શરૂઆતનું ગટરનું પાણી ગળે ઉતારી જનાર યુવાન થી જ થઈ. પછી ૧૯૯૭માં મુંબઈના દહીસરમાં

જુઓ પાનું-૬

## બીજા પાનાથી...

### મળવાં જેવા માણસ

શ્રદ્ધા રિહેબીલીટેશન ફાઉન્ડેશનની વીસ પથારીવાળી વ્યવસ્થિત હોસ્પીટલની શરૂઆત થઈ. પરંતુ આ સારા કામમાં સો વિઘ્ન એમ 'રોગીષ્ટ પાગલોને વળગાડવાવાળાઓને રખડતા ભટકતા ઓને અહી પકડી લાવીને અમારા રોજિંદા જીવનમાં અડચણો પેદા કરે છે આ લોકો એવા મુદ્દે કેટલાક સ્થાનિકો કોર્ટે ચડયા, પણ કોર્ટે એવો ચૂકાદો આપતા એ સૌ શાંત પડયા કે 'મનોરોગીઓને પણ તબીબી સારવાર મેળવવાનો સામાન્ય લોકો જેટલો જ અધિકાર છે. આપણા દેશમાં આશરે પાંચ કરોડ જેટલા મનોરોગીઓ છે, જેમના ૮૦ ટકા દર્દીઓને એની કોઈ સારવાર મળતી નથી, કેમ કે હાલ મનોવિશેષજ્ઞોનું પ્રમાણ દશ લાખની વસ્તીએ માત્ર ત્રણનું જ છે! સરકારના કુલ્લ બજેટના માત્ર એક ટકા જેટલી જ રકમ માનસિક સ્વાસ્થય ક્ષેત્ર માટે ફાળવવામા આવે છે.

અત્યાર સુધીમાં આ ડોકટર દંપતિએ પોતાના ફાઉન્ડેશન ના સાથીદારોના સહકારથી ચોવીસસોથી વધારે આવા ભટકતા રઝડતા મનોરોગીઓને પોતાની સંસ્થા સુધી ખેંચી લાવવાનું કપરૂ કાર્ય કર્યું છે. લાવ્યા બાદ પ્રેમથી સાચવ્યા,

તેની શારીરીક-માનસિક બીમારીઓનો નિષ્ઠાપૂર્વક ઈલાજ કર્યો છે. એક મા પોતાના બાળકને સમયસર દવા પાય તે રીતે પૂરી ચીવટથી એમને નિયમીત ફોસલાવી સમજાવીને દવાઓ આપી છે. એ મનોરોગી જેવા થોડા સાજા થયા એવું જણાય કે પ્રેમથી ખેતી કે શાકભાજી વાવવા જેવી પ્રવૃતિમાં એમનું મન પરોવવાના પ્રયત્નો થાય છે. ધીરજપુર્વકની રખાવટ, સમજાવટ અને સહકારના કારણે એમનામા સભાનતાનો સંચાર થયા વગર રહેતો નથી. જયારેએમનામાં સ્વસ્થતાના ચિહનો મોટી માત્રામાં દેખાતા થાય ત્યારે તેની પાસેથી જ તેના ઘર પરિવારની માહીતી મેળવીને તેનું તેના પરિવાર સાથે મિલન કરાવી દે છે. ચોવીસસોમાંથી સારવાર બાદ આજ સુધીમાં ૧૯૦૦ જેટલા આવા મનોરોગીઓને આ રીતે પોતાના પરિવાર પાસે સુખરૂપ પહોંચાડી દેવાયા છે. એક ઈરાનનો સૈયદ મોહસીન મુંબઈના ચેમ્બુર નાછેડાનગરમાં ભટકતો મળી આવેલો, જેને સારવાર બાદ એનાઈરાનના ઘર સુધી પહોંચાડવા માટે પાસપોર્ટ, વિઝાથી માંડીને ટિકિટની જોગવાઈ ઉપરાંત ભારત ખાતેના કોન્સ્યુલેટ અને મુંબઈના પોલીસ ડિપાર્ટમેન્ટ સાથે કાયદાકીય ગોઠવણ કરી આ દંપતિએ પારકા હોવા છતાં પોતાના ન કરે એટલી દરકાર લઈ એક વિઘ્નો નડવા છતાય કામ પાર પાડેલું. તે પછી બે બાંગ્લાદેશના નવ નેપાળના એક આંદમાનનો, ઉપરાંત ભારતના અલગ અલગ રાજ્યોના દર્દીઓ મળીને ૨૦૧૨ ના અંત સુધીમાં ૧૬૩૫ તો જાનયુઆરી-૨૦૧૩ થી જુન સુધીમાં બીજા ૨૬૬ દર્દીઓનો પોતાના પરિવાર સાથે મેળાપ કરાવનાર આ વાટવાણી ડોકટર દંપતિ અને તેમની સંસ્થાના આવી જ રીતે સેવાની સુહાસ મહેકાવતા રહે


સંપર્કસૂત્ર :
ડો.ભરત વાટવાણી
શ્રદ્ધા માનસરોવર, એસ્કે કલબની સામે
ઓફ ન્યુ લિક રોડ, બોરીવલી -વેસ્ટ,
મુંબઈ-૪૦૦૧૦૩ પીએચ. -૨૨-૨૮૯૫૫૦૨૦
મો.-૦૯૮૨૦૪૨૨૨૦૪ અને
૦૯૩૨૩૮૫૨૬૫૬.

**GUJARAT**

**News**

**GUJARATI**

**KACHCHH MITRA**

**FEBRUARY 2015**

કચ્છમિત્ર

ભુજ - બુધવાર ■ તા. ૧૧-૦૨-૨૦૧૫



ભુજની માનસિક આરોગ્ય હૉસ્પિટલમાંથી 'ઘર વાપસી' માટે તૈયાર થયેલાઓ તથા તેમને લેવા આવેલા સ્વજનોની સમૂહ તસવીર. (તસવીર : હર્ષદ ચૌહાણ)

# કચ્છમાં રખડતા ૧૮ નિરાધારને 'સજ્જન' બનાવી સ્વજનોને સોંપાયા

## શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉ.એ કબજો લીધો

ભુજ, તા. ૧૦ : ગંદા-ગોબરા-ફાટેલા કપડાં અને દુર્ગંધ મારતું શરીર, અસ્તિત્વની પરવા કર્યા વગર અહીંથી તહીંની ભાગદોડ, જે મળે એ ખાવું ને ન મળે તો કચરાપેટી, ગટર ફેંદી, ઉકરડા ચૂંથીને ખાવાજોગ પેટમાં પધરાવી ત્યાં જ સૂઇ રહેવું... આવા જીવોને સમાજ પાગલ, ગાંડા, અસ્થિર મગજના કહે છે અને દૂર રહે છે પણ જો કોઇ તેમની નજીક જાય અને સહેજ કષ્ટ સહન કરે તો આ પશુતાભણી ઘસડાતા પાગલો પણ પૂરેપૂરા માનવી થઇને સામાન્ય જીવન જીવી શકે છે તેવું કચ્છમાં વધુ એક વખત સાબિત થયું છે.

કચ્છ સુધી રખડતા-ભટકતા નિર્દોષ અવસ્થામાં આવી પડેલા અને જાગૃત નાગરિકો, સેવાભાવી સંસ્થાઓ થકી ભુજની માનસિક આરોગ્ય હોસ્પિટલમાં પહોંચેલા દેશના વિવિધ રાજ્યોના મળીને ૧૮ જેટલા પાગલોને આજે 'સજ્જન' બનાવીને શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનના માધ્યમથી તેમના સ્વજનોને સોંપાયા હતા.

દેશભરમાં રસ્તા પર રખડતા, નિરાધાર માનસિક રોગીઓની મનોવેદનાને ધીરજ-ધગશથી સમજીને પ્રેમથી દવા કરી સામાન્ય જીવન જીવે તેવા બનાવવાની દિશામાં કાર્યરત શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશને અત્યાર સુધીમાં બારસોથી વધુ લોકોની સફળ સારવાર કરી છે. આજે ભુજથી એ સંસ્થાને આંધ્રપ્રદેશ, બિહાર, આસામ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, નેપાળ, ઓરિસ્સા અને હરિયાણાના ૧૮ જણ સોંપાયા હતા.

**GUJARAT**

**News**

**GUJARATI**

**ABHIYAAN - 1**

**AUGUST 2018**



**GUJARAT**
**News**

**GUJARATI**

**ABHIYAAN - 2**

**AUGUST 2018**

૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ અભિયાન abhiyaanmagazine.com ₹૨૫-૦૦

## મુકામ મુંબઈ ▪ લતિકા સુમન




# કૈલાસયાત્રાએ ન જઈ શક્યો તેમાં ઈશ્વરનો જ સંકેત હતો : વાટવાણી

**ટ્રેનોમાં કે રસ્તાઓ પર ભટકતા મનોરોગીઓને જોઈને આપણામાંના મોટા ભાગના લગભગ મોઢું બગાડતા હોય છે. તેના શરીર પર ઈજાના ઘા લૂછવાનો આપણામાંથી કોઈની પાસે સમય નથી હોતો, પરંતુ દુનિયામાં એવા કેટલાક પરોપકારી લોકો પણ છે, જેઓ આ મનોરોગીઓની વ્યથા સમજે છે. તાજેતરમાં મુંબઈના ડો. ભરત વાટવાણીને આવા જ મનોરોગીઓની સેવા-ચાકરી કરવા બદલ મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. સમાજમાં તિરસ્કૃત એવા મનોરોગીઓ માટે દિવસ-રાત કામ કરનારા ડો.વાટવાણી સાથે અભિયાને ખાસ વાતચીત કરી હતી.**

latika.suman@sambhaav.com

ઘણીવાર આપણે ટ્રેનોમાં કે રસ્તાઓ પર એવા મનોરોગીઓને જોઈએ છીએ, જેઓ ખૂબ જ ગંદી હાલતમાં ફરતા હોય છે. કેટલાય દિવસોથી ખાધું ન હોય, નહાયા ન હોય અને શરીર પર કોઈ જગ્યાએ જખમ હોય અને કોઈ કોઈ વાર તો એ જખમની સારવાર ન થવાને કારણે એમાંથી કીડા પણ નીકળતા હોય. એમના શરીરમાંથી આવતી ખરાબ બદબૂના કારણે આપણને ઘૃણા થઈ રહી હોય અને એક ડર લાગી રહ્યો હોય કે તે વ્યક્તિ ક્યાંક આપણી પાસે ન આવી જાય. આવામાં આપણે ટ્રેનમાંથી ઊતરીને બાજુના કમ્પાર્ટમેન્ટમાં જતા રહેતા હોઈએ છીએ. જો રસ્તા પર હોઈએ તો ત્યાંથી વળી જઈને બીજી તરફ નીકળી જઈએ છીએ. આ રીતે આપણે ત્યાંથી બચીને તો નીકળી જઈએ છીએ, પરંતુ એ વ્યક્તિ વિશે બિલકુલ વિચારતા નથી કે તે કોણ છે? ક્યાંથી આવ્યો છે? તે આ હાલતમાં કેમ જીવી રહ્યો છે? કેમ ભટકી રહ્યો છે? તેનાં મા-બાપ કોણ છે? આવા સવાલો માટે આપણી પાસે સમય જ નથી, કેમ કે એ મનોરોગીથી આપણને તો છુટકારો મળી ગયો હોય છે, પરંતુ બધા આપણા જેવા નથી હોતા. એવા કેટલાક ઈશ્વરના દૂત પૃથ્વી પર આજે પણ છે જેઓ આ લોકો વિશે વિચારે છે અને તેમને સ્વસ્થ કરી તેમની મંજિલ સુધી પહોંચાડતા હોય છે. આવી વ્યક્તિ વિશે જાણવા અને મળવા માટે કોણ ઉત્સુક ન થાય? એ વ્યક્તિ છે ડૉ.ભરત વાટવાણી. જેમના કામોની ચર્ચા આજે આખી દુનિયા કરી રહી છે. તેમને હમણાં જ મેગ્સેસે એવૉર્ડ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

૨૬ જુલાઈ, ૨૦૧૮ના રોજ ડૉ.ભરત વાટવાણી અને સોનમ વાંગચૂકને મેગ્સેસે

## મુકામ મુંબઈ

એવૉર્ડથી સન્માનિત કરવાની જાહેરાત થઈ છે. પોતાના કામથી દુનિયાને પ્રભાવિત કરનારા આ બે ઇંડિયટ્સની ચર્ચા દરેકના મોઢે થવા લાગી. પછી તો ડૉ.ભરત વાટવાણીનો ફોન સતત રણકવા લાગ્યો. બધા તેમની સાથે વાત કરવા ઉત્સુક હતા. અભિનંદનના ફોન, મીડિયા સાથે ઇન્ટરવ્યૂ અને તેમના કર્જતના શ્રદ્ધા ફાઉન્ડેશનમાં એમને મળવા લોકોની લાંબી કતાર. બધાં સાથે વાત કરતાં કરતાં એમનો અવાજ બેસી ગયો. આથી જ્યારે 'અભિયાન'એ તેમનો સંપર્ક કર્યો ત્યારે એમણે જણાવ્યું કે, હું મારું ગળું ઠીક કરાવી બે-ત્રણ દિવસમાં તમારો સંપર્ક કરું છું. બે દિવસ પછી તેમણે 'અભિયાન'ને મોબાઇલ પર એસએમએસ કર્યો કે શિક્ષણમંત્રી વિનોદ તાવડેએ તેમનું સન્માન કરવા માટે સહ્યાદ્રી અતિથિગૃહમાં આમંત્રિત કર્યા છે. ઘરેથી નીકળતી વખતે હું તમને ઓબેરોય મૉલથી રિસીવ કરીશ. એક કલાકની આ સફર દરમિયાન આપણી વાતચીત ખૂબ જ આરામથી થઈ શકશે અને આપેલા સમય મુજબ ડૉ.ભરત વાટવાણીએ તેમની સફેદ રેનોલ્ટ કારથી 'અભિયાન'ના પ્રતિનિધિને રિસીવ કર્યા. આ પ્રકારે અમારી વાતચીતનો સિલસિલો કારમાં શરૂ થયો.

છેલ્લા આઠ દિવસથી તમને સતત ફોન આવી રહ્યા છે. શું તે બધાંની માનસિકતામાં તમારા કામથી કોઈ બદલાવ આવ્યો હોય તેવું તમને લાગ્યું? 'અભિયાન'ના આ સવાલ પર ડૉ.વાટવાણીએ ખૂબ જ ગંભીર થઈને જવાબ આપતાં જણાવ્યું કે, ખાસ કરીને ભારતમાં મેં જોયું છે કે વ્યક્તિને એવૉર્ડથી સન્માનિત કરાય પછી એ વ્યક્તિની ચર્ચા થાય છે, એના કામની નહીં. જ્યારે હું બાબા આમટેને મળ્યો હતો અને ડૉ. પ્રકાશ આમટેને મળું છું ત્યારે પણ મને એ જ દૃશ્ય દેખાય છે કે લોકો એમની વાહવાહી કરે છે તેમને પગે લાગે છે, પરંતુ કોઈ તેમના કામને નથી અપનાવતું. જે દિવસભર આટલા દર્દીઓ અને લોકોની સેવા કરીને થાકી જાય છે. જો મારું આ સન્માન થવા બદલ માત્ર મારી ચર્ચા અને મારી જ


મેગ્સેસે એવોર્ડ વિજેતા ડો.ભરત વાટવાણી

વાહવાહી થશે તો એનો શો મતલબ છે? હા, જો કોઈ વ્યક્તિ મારા કામને અપનાવશે, કોઈ જગ્યાએ ૧૦ દર્દીઓને રાખીને એમની સેવા કરવા ઉત્સુક થશે અને મને પણ એમાં સામેલ કરશે તો એ બધાંની વાહવાહી લેખે લાગશે. આજે લોકો મને ફોન કરે છે, અભિનંદન આપે છે, મારા ઇન્ટરવ્યૂ છપાઈ રહ્યા છે. હું તે બધું એટલા માટે કરી રહ્યો છું કે લોકોનું આ કામ પર ધ્યાન જાય અને તેઓ પણ આ વિશે વિચારતા થાય. જો લોકોની માનસિકતામાં કામના પ્રત્યે બદલાવ આવશે તો મને મળેલું સન્માન સાર્થક થયેલું લેખાશે.

એવું ક્યું કારણ છે કે લોકો આ કામ વિશે વિચારતા નથી? આના માટે શું કરવું પડશે? આ વિશે ડૉ.વાટવાણીએ જણાવ્યું કે, લોકો સંવેદનશીલ નથી. એવૉર્ડ જાહેર થયા બાદ હું એક ભાવુક માનસિકતામાંથી પસાર થઈ રહ્યો છું. ઘણી સંસ્થાઓ અને લોકો મારી સાથે જોડાવા લાગ્યા છે અને મારો સંપર્ક કરવા લાગ્યા છે. હું એમને મળી રહ્યો છું. જો ત્રણ લોકો સાથે કામ કરીને આગળ જતાં તે કામ ૩૦૦ સુધી પહોંચે છે ત્યારે તે મારું સૌથી મોટું યોગદાન હશે. મેં અને મારી પત્નીએ ક્યારેય વિચારીને કામ નથી કર્યું. અમે બંને પણ સંવેદનશીલ હતાં. જ્યારે અમે હોટલમાં ચા પીતી વખતે એક એવા મનોરોગીને જોયો જે ગટરમાં નાળિયેરનું કોચલું નાખીને પાણી પી રહ્યો હતો. અમે તેને અમારા ક્લિનિકમાં લઈ આવ્યા. એ નહોતું વિચાર્યું કે એનું શું થશે? તે સાજો થશે કે નહીં? પરંતુ અમે આગળ આવીને અમારું કામ કર્યું. તે સાજો થઈ ગયો. એ જ રીતે જ્યારે હું બાબા આમટેને મળીને ડૉ.પ્રકાશ આમટેને મળવા હેમલકશા જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં કોઈએ એક મનોરોગીને લોખંડની સાંકળથી બાંધીને છોડી દીધો હતો. જો હું તેને છોડીને એ દિવસે મોં ફેરવીને નીકળી ગયો હોત તો બાબા આમટે જેવી વ્યક્તિ મને રોજ ફોન કરીને એ ના કહેતી કે તમે કામને આગળ ધપાવો, તમારે અટકવાનું નથી. હું પણ વિચારતો કે કેમ બાબા મને જ રોજ ફોન કરે છે. કેમ કે એમણે મારી અંદર એક બીજ જોયું હતું. જેને પાણી પાઈને તેને વટવૃક્ષ બનાવવાની તેમની મનોકામના હતી અને તેમણે તેમનું કામ કર્યું. હું પણ ઉત્સાહિત થઈને આગળ વધ્યો. જેના કારણે આજે કર્જતની સાડા છ એકર જમીન પર શ્રદ્ધા ફાઉન્ડેશનનું કામ ઊભું થયું. જેમાં અત્યાર સુધી લગભગ સાત હજારથી વધુ મનોરોગીઓ સાજા થયા છે. અન્યથા ૧૯૯૮થી ૨૦૦૪ સુધી હું એ જ વિચારતો રહ્યો કે, દહીંસરની ૨૦ પલંગની જગ્યામાં હું મારા કામને કેવી રીતે આગળ વધારીશ?

તમારે ૧૯૯૮માં કૈલાસ માનસરોવર યાત્રામાં જવાનું હતું અને કેમ ન ગયા? આ વિશે શું કહેશો? ડૉ.વાટવાણીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર જવાબ આપ્યો કે, ઈશ્વરે મારી પાસે આ કામ કરાવાનું હતું. મને ટ્રેકિંગનો ઘણો શોખ છે. માનસરોવર જઈને ઈશ્વરનાં દર્શન કરવાની પણ ઇચ્છા હતી. આથી મેં દિલ્હી ટેલિગ્રામ મોકલ્યો. તે સમયે જેમણે કૈલાસ માનસરોવરની યાત્રા કરી હતી એમનું કહેવું હતું કે તમારો નંબર આ વખતે નહીં આવે. તમે હજુ વેઈટિંગમાં રહેશો, પરંતુ આઠ દિવસમાં દિલ્હીથી ટેલિગ્રામ આવી ગયો. ત્રણ લાખ લોકોએ અરજી કરી હતી, જે પૈકી બે હજાર લોકો સિલેક્ટ થયા હતા, જેમાં મારો નંબર પણ હતો. એ દિવસોમાં મારા ત્યાં બે ગુજરાતી પેશન્ટ દાખલ થયા હતા. જેમના સાજા થવામાં બે-ત્રણ મહિના લાગવાના હતા. એમના ઘરવાળા ઘણા ખુશ હતા કે ડૉ.વાટવાણીની સારવારથી તેઓ સાજા થઈ જશે. તેમને એડમિટ કર્યે બે-ત્રણ દિવસ

**આજે કર્જતની સાડા છ એકર જમીન પર શ્રદ્ધા ફાઉન્ડેશનનું કામ ઊભું થયું. જેમાં અત્યાર સુધી લગભગ સાત હજારથી વધુ મનોરોગીઓ સાજા થયા છે**

**GUJARAT**
**News**

**GUJARATI**

**AJTAK**

**FEBRUARY 2021**


# અબતક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

RIYA SHALA RD, RAJKOT ☎ 0281- 246 1234, 2460 999


## સોમનાથ: ચાર વર્ષથી વિખૂટા પડેલા બે યુવાનોનું પરિવાર સાથે મિલન કરાવતી શ્રદ્ધા નામની સંસ્થા

### કર્જત મહારાષ્ટ્રની આ સંસ્થા દ્વારા કરવામાં આવતુ પરમાર્થ કાર્ય

**અબતક, જયેશ પરમાર**
**ગીર સોમનાથ**

કર્જત મહારાષ્ટ્રની સંસ્થા શ્રદ્ધા રિહેબીટિશન દ્વારા ચાર વર્ષથી વિખૂટા પડેલા બે માનસિક અસ્થિર યુવાનોનું પરિવાર સાથે મિલન કરાવીને વધુ એક સેવાકીય-પરમાર્થ કાર્ય કરવામાં આવ્યુ છે.

૪ વર્ષ થી પરિવાર થી વિખૂટા પડેલા વેરાવળ ના ૨ યુવાનો નું પરિવાર સાથે મિલન કરાવતી કર્જત મહારાષ્ટ્ર ની સંસ્થા શ્રદ્ધા રિહેબી ટેશન. શ્રદ્ધા રિહેબિટેશન દ્વારા માનસિક અસ્થિર લોકો ની સારવાર



કરી પરિવાર સાથે મિલન કરાવવાનું કાર્ય કરવા માં આવે છે ત્યારે આજ રોજ તેઓ દ્વારા વેરાવળ ના ૨ યુવાનો નું પરિવાર સાથે મિલન કરાવતા રેલવે સ્ટેશન પર લાગણી ભર્યા દશ્યો સર્જાયા હતા.

**GUJARAT**
**News**

**GUJARATI**

**DIVYA BHASKAR**
**Surat**

**AUGUST 2023**


સાચી વાત બેધડક

# દિવ્ય ભાસ્કર

કળશ
આજની પૂર્તિ

કુલ પાનાં 24 (કળશ)

કિંમત ₹ 5.00, વર્ષ 20, અંક 128, મહાનગર

સુરત, બુધવાર, 2 ઓગસ્ટ, 2023 | ગુજરાત | અધિક શ્રાવણ વદ - 1, વિક્રમ સંવત 2079 | 12 રાજ્ય | 61 સંસ્કરણ


**ભાસ્કર વિશેષ** | છેલ્લા 10 વર્ષમાં 2350 માનવ પ્રભુજીઓને તેમનાપરિવારો સાથે મિલન કરાવવામાં આવ્યું

## ધોરણ પારડી માનવ મંદિરનાં 55 પ્રભુજીનું સ્વજનો સાથે મિલન થશે

ભાસ્કરન્યૂઝ | બારડોલી

આશીર્વાદ માનવ મંદિરમાં બિનવારીસ નિરાધાર અને પીડિત સ્વસ્થ થયા બાદ મુંબઈની શ્રધ્ધા રીહેબીલીટિશન સેન્ટરને સોંપવામાં આવ્યા હતા. ત્યાં 15-20દિવસની સારવાર બાદ સોશિયલ વર્કરની નિગરાની હેઠળ વિવિધ રાજ્યોમાં જઈ તેમનાં સ્વજનો સાથે વિધીવત મિલન કરાવી સોંપવામાં આવશે.

સુરતનાં માનવ સેવા ચેરીટિબલ ટ્રસ્ટ સંચાલિત કામરેજનાં ધોરણ પારડી હાઈવેને અડીને આવેલ આશીર્વાદ માનવ મંદિર સાચા અર્થમા બિનવારીસ નિરાધાર અને પીડિત પ્રભુજીઓ (સ્ત્રી પુરૂષો)નો આશરો બની રહ્યુ છે. આસાપાસનાં વિસ્તારમાંથી સમગ્ર રાજ્યમાંથી રસ્તે રઝળતા માનસિક અસ્વસ્થ લાચાર લોકોને સંસ્થાનાં સેવકો માનવમંદિરમાં લઈ આવી તેઓને સ્વચ્છ અને સ્વસ્થ બનાવી તેમની માનસિક સ્થિતિ સુધરે અને ફરીથી સામાન્ય જીવન જીવવાની યોગ્યતા પાપ્ત કરી લે ત્યાં સુધીની સારસંભાળ લઈ તેમના સ્વજનોનો સંપર્ક કરી મુંબઈની શ્રદ્ધા રીહેબીલીટિશન સંસ્થાને સોંપી ખૂણે ખૂણેથી આવેલા સ્ત્રી પુરૂષોને ડોક્ટર અને સામાજીક કાર્યકરની નીગરાની હેઠળ વતનમાં સ્વજનોને સોંપવામાં આવે છે. સંસ્થા દ્વારા છેલ્લા 10 વર્ષમાં 2350 માનવ પ્રભુજીઓને તેમના પરિવારો સાથે મિલન કરાવવામાં આવ્યું છે. તેવી જ રીતે આજરોજ આશીર્વાદ માનવ મંદિરનાં સંચાલકો દ્વારા 55 પ્રભુજીઓને (સ્ત્રી પુરૂષોને )મુંબઈનાં કરજત ખાતે કાર્યરત શ્રદ્ધા રીહેબીલીટિશનસેન્ટરના ડો.ઉદય ભાનુસિંગ તથા સોશિયલ વર્કર ફરઝાના બેનને સોપ્યા હતા.

મુંબઈની શ્રદ્ધા રીહેબીલીટિશન ફાઉન્ડેશનનો પરિચય મુંબઈનાં કરજત ખાતે આવેલ શ્રદ્ધા રીહેબીલીટિશન ફાઉન્ડેશનનાં ચેરપર્સન ડો.ભરતભાઇ વટવાણીને વર્ષ 2018માં રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનાં દ્વારા તેમનાં સેન્ટરમાં દર્દીઓને સારવાર આપી ઠીક કર્યા બાદ પુરા ભારતમાં જેમ કે આસામ, બિહાર, પ.બંગાળ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાં ઘર સુધી છોડવામાં આવે છે. એટલે સુધી કે નેપાળ બાંગ્લાદેશનાં દર્દીઓને પણ કાયદેસરની કાર્યવાહી કરી તેમનાં પોતાનાં ખર્ચે વતન પહોંચાડવામાં આવે છે.

ડો.ઉદય ભાનુસિંગ તથા સોશિયલ કેર ફરઝાનાં બેન મુંબઈથી સંસ્થાની વાન લઈ ધોરણ પારડી આવ્યાં હતા અને તમામ 55 પ્રભુજીઓને તેમની દેખરેખ હેઠળ મુંબઈ લઈ ગયા હતા. ત્યાં રીહેબીલીટિશન સેન્ટરમાં સારવાર બાદ સંસ્થા તેમનાં વતન પરિવારજનોને સોંપશે.



### ચંદુભાઈ ચૌધરીનું 20 વર્ષે પરિવાર સાથે મિલન

વાલોડ | વાલોડ તાલુકાના ખાંભલા ગામના ખંડુભાઈ મગનભાઈ ચૌધરી 20 વર્ષ અગાઉ માનસિક બીમારીને કારણે ઘર છોડી જતા રહ્યા હતા. તેઓને મહારાષ્ટ્ર જિલ્લા રાજ્યના રાયગઢ જિલ્લાના કરજત ખાતે આવેલ શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન મેન્ટલી ઈન રોડ સાઈડ ડેસ્ટીટ્યુટ્સ ઓફ ઈન્ડિયા રિહાબીલેશન સેન્ટર તરફથી સારવાર આપી તેમનો ફોટો વાલોડ તાલલુકાના સરંચને મોકલી તપાસ કરાવતા તેમની ઓળખ થઈ હતી. તેમના પરિજનોને બોલાવી ઓળખ કરાવી સોંપાયા હતા.